Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# આત્માનન્દ પ્રકાશ.

( દર માસની પૂર્ણિમાએ પ્રકટ થતું માસિકપત્ર. )

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

कारुण्यान्न सुधारसोऽस्ति हृदयद्रोहान्न हालाहलं ।
वृत्तादस्ति न कल्पपादप इह क्रोधान्न दावानलः ॥
संतोषादपरोऽस्ति न प्रियसुहल्लोभान्न चान्यो रिपु ।
र्युक्तायुक्तमिदं मया निगदितं यद्रोचते तत्त्यज ॥

પુ૦ ૨૭ મું. વીર સં. ૨૪૫૫. ભાદ્રપદ. આત્મ સં. ૩૪. અંક ૨ જો.

પ્રકાશક—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

## વિષયાનુક્રમણિકા.


૧ વાર્ષિક-મારી... ... ... ૨૫
૨ શ્રી તીર્થંકર ચરિત્ર. ... ... ૨૬
૩ આપણી શાસન સમૃદ્ધિ... ... ૩૧
૪ શ્રી વિજયવલ્લભસૂરિનું રચનાત્મક કાર્ય. ... ... ... ૩૭
૫ પ્રશ્નોત્તર સમસ્યાઓ. ... ... ૩૮
૬ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ચૈત્યવંદનમ્. ૪૦
૭ કાર્ય અને આશા. ... ... ૪૧
૮ ખરા પુરૂષાર્થ યોગે સિદ્ધ પરમાત્માને પ્રાપ્ત થયેલા આઠ ગુણો અને તેથી થતો આત્મલાભ. ... ૪૪
૯ વર્તમાન ચર્ચાપત્ર. ... ... ૪૫


મુદ્રકઃ—શા. ગુલાબચંદ લલ્લુભાઇ. આનંદ પ્રી. પ્રેસ સ્ટેશન રોડ–ભાવનગર.

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી ઉપયોગી સીરીઝ.

## સતી શિરોમણી કુસુમશ્રીનું ચરિત્ર.

આ સભા તરફથી સભાના ધારા મુજબ આર્થિક સહાય આપનાર ગૃહસ્થોના નામથી કેટલીક સીરીઝો ( ગ્રંથો ) પ્રકટ કરી સાહિત્ય પ્રચાર કરવામાં આવે છે. તે પ્રમાણે શ્રીમતી કસ્તુરબ્હેન તરફથી સભાના ધારા પ્રમાણેની એક રકમ મળવાથી શ્રી ઉપયોગી સીરીઝ હવેથી સભા તરફથી પ્રકટ કરવામાં આવશે. જેથી આ પ્રથમ શરૂઆત હોવાથી તે બ્હેનની ઇચ્છા મુજબ તેમની સીરીઝના પ્રથમ ગ્રંથ તરીકે **સતી શિરોમણી કુસુમશ્રીનું ચરિત્ર** પ્રગટ થશે કે જે ગ્રંથ રસિક, બોધપ્રદ, શિયલનો અદ્દભુત મહિમા જણાવનાર શ્રી ઉપયોગી અને પઠન પાઠન કરવા જેવો છે. તૈયાર થાય છે. સભાના લાઇફ મમ્બરોને ધારા પ્રમાણે ભેટ આપવામાં આવશે અને અન્યને યોગ્ય કિંમતે મળી શકશે.

---

## અમારા માનવંતા લાઇફ મેમ્બરોને ભેટ.

**૧ જૈન નરરત્ન ભામાશાહ.** **૨ શ્રી વિમલનાથ ચરિત્ર.**

**૩ શ્રી ચંદ્ર પ્રભુ સ્વામી ચરિત્ર.**

પ્રથમ ગ્રંથ તૈયાર છે. બીજા ગ્રંથનું બાઇન્ડીંગ થાય છે. ત્રીજો ગ્રંથ તૈયાર થવા આવેલ છે. ત્રણે ગ્રંથ આસો માસમાં ભેટ મોકલવાનો પ્રબંધ થશે.

---

## શ્રીવિમલનાથ પ્રભુનું ચરિત્ર.

**શેઠ શ્રી અમરચંદ હરજીવનદાસની સહાયવડે તેમની સીરીઝ તરીકે આ ગ્રંથ છપાયેલ છે.**

અદ્વિતીય જીવન ચરિત્રના શિક્ષારૂપ બોધપ્રદ આ ગ્રંથ છે. આ ગ્રંથની રચના સંવત ૧૪૫૨ ની સાલમાં શ્રી જ્ઞાનસાગરસૂરિ મહારાજે કરી છે. પ્રભુ શ્રી વિમળનાથ મહારાજના પૂર્વભવો સહિતનું સંપૂર્ણ ચરિત્ર, સાથે ધર્મનો પ્રભાવ, ભેદો, શ્રાવકના વ્રતોના અધિકાર અને જૈનધર્મના શિક્ષણનો સુંદર ઉપદેશ વિવિધ પાંત્રીશ કથાઓ સહિત આપેલ છે. આ ચરિત્રની રચના પ્રતિભાશાળી, મનોહર, રસગૌરવ શૈલીથી અલંકૃત છે. ગ્રંથની રચના અલૌકિક અને તેમાં છુપાયેલ તાત્વિક બોધ અસાધારણ હોઇ તે વાચકના આત્માને શાંત રસ પ્રગટાવી, ધર્મરૂપી કલ્પવૃક્ષનું સ્વરૂપ સમજી, તેનો પ્રભાવ જાણી તેનો આદર કરતાં મોક્ષ સન્મુખ લઇ જાય છે. આ ગ્રંથમાં જે મહાન પ્રભુનું ચરિત્ર આપેલ છે, તે સમયમાં દેશની સામાજિક, નૈતિક, રાજકીય અને ધાર્મિક પ્રવૃત્તિ કેવી હતી તેનું પણ પઠન કરનારને ભાન થાય છે. શરૂઆતમાં અઢીદ્વીપ સંબંધી ગ્રંથકાર મહારાજે સંક્ષિપ્ત વર્ણન આપેલ હોવાથી, આ ચરિત્રવાંચનથી ભૂતકાળના ઇતિહાસ સાથે જૈન ભૂગોળનું પણ જાણપણું થાય છે. એકંદર રીતે આ ગ્રંથ દરેક મનુષ્યને પઠન–પાઠન કરવા જેવો હોઇ પોતાના નિવાસસ્થાનમાં, ભંડારમાં, પુસ્તકાલયમાં હોવો જોઇએ. રોયલ આઠ પેજી પીસ્તાળીશ ફોર્મ સાડા ત્રણશેંહ પાનાનો ગ્રંથ સારા કાગળો ઉપર સુંદર ટાઇપથી ગુજરાતી ભાષામાં છપાવી સુંદર કપડાના બાઇડીંગથી અલંકૃત કરેલ છે. કિંમત રૂા. ૧–૧૨–૦ પોસ્ટેજ જુદું.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

यथा वा धौतपटो जलार्द्र एव संहतश्चिरेण शोषमुपयाति, स एव च वितानितः सूर्यरश्मिवायुभिर्हतः क्षिप्रं शोषमुपयाति, न च संहते तस्मिन्नभूत स्नेहागमोनापि वितानिते सति अकृत्स्न शोषः, तद्वद्यथोक्त निमित्तापवर्तनैः कर्मणः क्षिप्रं फलोपभोगो भवति, न च कृतप्रणाशाकृताभ्यागमाफल्यानीति ॥

तत्त्वार्थ सूत्र–भाष्य–द्वितीय अध्याय ।

पुस्तक २७ } वीर सं. २४६६ भाद्रपद आत्म सं. ३४. { अंक २ जो.

## वार्षिक–माफी.

( १ )

સહુ પર્વ માંહી શ્રેષ્ઠતા " પર્યૂષણુ " ની વર્ણવી,
નિજ આત્મદર્શન કાજ સાત્વિક ભાવના પ્રકટાવવી;
એ પર્વમાં બહુ વિધ ધાર્મિક કૃત્ય કરવાનો વિધિ,
પણ મુખ્યતા છે **માફી**નો તાત્પર્ય જો આગળ વધી.

( ૨ )

પ્રણાલી પૂર્ણ ગણાય છે **જૈનો** તણી જનમાત્રમાં,
માફી પરસ્પર માંગવાની **શૈલી** છે સત્શાસ્ત્રમાં;
એ દિવ્ય મનહર યાચનાના તત્વના ઉંડાણુમાં,
અવગાહતા આલોકશો **જગમૈત્રિ** ભાવ તમામમાં.

( ૩ )

દુષ્કર્મની આલોચના દૈનિક કરવા સૂચવે,
છેવટતણું ફરમાન ' વાર્ષિક ' પર્વના ચૂકો હવે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મન વચન કાય ત્રિયોગથી જાણ્યે અજાણ્યે જે થયાં,
અપરાધની **માફી** સમર્પો ભ્રાત ! **યાચુ છું દયા.**

( ૪ )

પ્રતિક્રમણમાં મુખ પાઠ વિધિવત્ શાસ્ત્રનો સંબોધતા,
નહીં સાધ્ય સિદ્ધિ થાય જ્યાં પ્રકટે નહીં વિતરાગતા;
એ કારણે શુક પાઠની કિમ્મત નથી કોડી તણી,
વાણી પ્રમાણે વર્તના કરવી કહે ત્રિભુવન ધણી.

( ૫ )

" મિથ્યામિ દુષ્કૃત " મંત્રની આરાધના કરવા થકી,
ઝગડા સહુ દૂરે થશે છે માર્ગ સુંદર એ નકી;
માફી સમર્પણ સાથ મૈત્રિ ભાવના સહેજે થશે,
મૈત્રિતણું ફલ **ઐક્યતા** તે " આત્માનન્દ " અપાવશે.

**( વેલચંદ ધનજી )**

અગીયાર અંગોમાં નિરૂપણ કરેલ

## શ્રી તીર્થંકર ચરિત્ર.

( ગતાંક બારમા અંકના પૃષ્ટ ૨૯૮ થી શરૂ. )

૩–૨–૧૪૪ થી ૧૪૬ વિંધ્યવેભલના પુરણ તપસ્વી અને ચમરેન્દ્રનો અધિકાર ચમરોત્પાત.

૩–૨ ૧૪૫–૪૬ ભગવાન—હે ગૌતમ ! તે કાળે, તે સમયને વિષે હું છદ્મસ્થ કાળનાં અગ્યારમે વર્ષે ( દીક્ષા લીધા પછી અગ્યારમે વર્ષે ) નિરંતર છઠ્ઠ છઠ્ઠના તપ કર્મવડે સંયમથી અને તપસ્યાવડે આત્માને ભાવતો અનુક્રમે ચાલતો એક ગામથી બીજે ગામ જતો જ્યાં સુસુમારપૂર ( વિશાલાની નજીક ) નગર છે, જ્યાં અશોકવન ખંડ ઉદ્યાન છે, જ્યાં શ્રેષ્ઠ અશોક વૃક્ષ છે, જ્યાં પૃથ્વી શિલાસન છે, ત્યાં આવ્યો હતો. ત્યાં આવીને શ્રેષ્ઠ અશોક વૃક્ષની નીચે પૃથ્વી શિલાપટ્ટપર અઠ્ઠમ ભકત ( ત્રણ ઉપવાસ ) ની પ્રતિજ્ઞા કરી બે પગને સાથે કરી હાથને નીચે લંબાવી એક પુદ્ગલમાં દૃષ્ટિ સ્થાપી અનિમિષ નયને જરાક નમતા શરીરથી યથાવસ્થિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શરીરવડે સર્વ ઇંદ્રિયોને કાબુમાં રાખીને એક રાત્રિક મહા પ્રતિમાનો સ્વીકાર કરી રહ્યો હતો. તે કાળે અને તે સમયને વિષે ચમરચંચા રાજધાની ઈંદ્ર રહિત પુરોહિત રહિત હતી. ત્યારે તે **પુરણ** બાલ તપસ્વી સંપૂર્ણ એવા બાર વર્ષના (તપસ્વી) પર્યાયને પાળીને માસિક સંલેખનાવડે આત્માને ઉન્નત કરીને સાઠ ટંકનો આહાર છોડીને અંત સમયે મૃત્યુ પામી ચમરચંચા (ભુવનપતિ) રાજધાનીમાં ઉપપાત સભામાં યાવત્ ઇંદ્રપણે ઉત્પન્ન થયો. ત્યારે તે **ચમર** અસુરેંદ્ર અસુરરાજ ઉત્પન્ન થતાં વાર આહાર પર્યાપ્તિ યાવત.......ભાષા મનપર્યાપ્તિ એ પાંચ પ્રકારની પર્યાપ્તિ વડે પર્યાપ્તિ ભાવને પામ્યો. ત્યારે તે ચમર અસુરેન્દ્ર અસુરરાજ પાંચ પ્રકારની પર્યાપ્તિવડે પર્યાપ્તિ ભાવને પ્રાપ્ત થયો થકો અવધિજ્ઞાન વડે સ્વાભાવિક પણે આકાશમાં જોયું. યાવત........સૌધર્મ દેવલોકને જોતો હતો. ત્યાં શક્ર દેવેંદ્ર દેવરાજ મઘવાન્ પાકશાસન, શતક્રતુ–સહસ્રાક્ષ, વજ્રપાણી પુરંદર યાવત્........ દશદિશાને ઉજ્જળી કરનાર પ્રકાશિત કરનાર સૌધર્મકલ્પનાં સૌધર્માવતંસક વિમાન માં સૌધર્મ સભામાં શક્ર નામના સિંહાસનપર યાવત્........દિવ્ય ભોગ્ય ભોગોને ભોગવતો રહેલ છે તેને જોયો, અને જોયા પછી તેને આ પ્રમાણે આધ્યાત્મિક ચિંતિત, પ્રાર્થિત માનસિક સંકલ્પ ઉત્પન્ન થયો કે—આ અપ્રાર્થિતને ઈચ્છનાર (જેના મુખમાં શોભે નહીં પણ બદલામાં હાંસી કરાવે એવી અનુચિત મોટી માંગણી કરનાર–પોતાની હીનતાને લીધે અયોગ્ય વસ્તુને ઇચ્છનાર) નિંદ્ય, અંતિમ અમનોજ્ઞ લક્ષણવાળો લાજ તથા લક્ષ્મીથી રહિત અને હીનપુણ્ય ચૌદશે જન્મેલો કોણ છે ? કે જે મને આવા આવા સ્વરૂપવાળા દિવ્ય દેવર્ધિ યાવત્........દિવ્ય દેવાનુભાવ મળ્યા છે–પ્રાપ્ત થયા છે–ભોગ્ય થયા છે. ત્યારે મારી ઉપર અલ્પ ઉત્સુકતા વડે દિવ્ય ભોગ્ય સુખોને ભોગવતો થકો રહેલ છે. આ પ્રમાણે ચિંતવ્યું. ચિંતવીને સામાનિક પર્ષદાનાં દેવોને બોલાવ્યા. બોલાવીને આ પ્રમાણે પૂછયું કે, હે દેવાનુપ્રિયો, આ કોણ છે ? કે જે અપ્રાર્થ્યનો અભિલાષી યાવત........ભોગવતો થકો રહ્યો છે ? ત્યારે તે સામાનિક પર્ષદાનાં ઉપરનાં દેવો ચમર અસુરેન્દ્ર અસુરરાજાએ આ પ્રમાણે પૂછયા થકા હૃષ્ટ તુષ્ટ યાવત્........પ્રેમાળ હૃદયવાળા બની દશનખને ભેગા કરી મસ્તક પાસે અંજલી જોડી જયવિજયવડે વધાવે છે. અને પછી તેઓ બોલ્યા કે હે દેવાણુપ્રિય, આ શક્ર દેવેન્દ્ર દેવરાજા યાવત........રહેલ છે, ત્યારે તે ચમર અસુરેન્દ્ર અસુર રાજા તે સામાનિક પર્ષદા ઉપરના દેવો પાસેથી આ બાબત સાંભળીને હૃદયમાં વિચારીને એકદમ ક્રોધી બન્યો, રૂઠયો, કોપ્યો રૌદ્ર બન્યો તથા ક્રોધથી ધમધમ્યો અને તે સામાનિક સભા ઉપરના દેવોની પ્રત્યે બોલ્યો કે—અરે નિશ્ચે શું તે શક્ર દેવેન્દ્ર દેવરાજ કોઇ બીજો અને તે ચમર અસુરેન્દ્ર અસુરરાજ કોઇ બીજો ? અરે શું તે શક્ર દેવેંદ્ર દેવરાજા મહર્ધિક છે, અને શું તે ચમર અસુરેન્દ્ર અસુરરાજ અલ્પ ઋદ્ધિવાન છે ? માટે હે દેવાનુપ્રિયો, હું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇચ્છું છું કે—શક્રદેવેન્દ્ર દેવરાજને જાતે જઇને શોભાભ્રષ્ટ (સ્થાનભ્રષ્ટ, અતિપીડિત) કરવો જોઇએ, એમ ચિંતવીને ક્રોધિક સ્વભાવથી અધિકાધિક ક્રોધિત બન્યો*

ત્યારે તે ચમર અસુરેન્દ્ર દેવરાજે અવધિજ્ઞાનને ઉપયોગ મુકયો, ઉપયોગ મુકીને અવધિજ્ઞાનવડે કરીને મને જોયો, જોઇને આ પ્રમાણે અભ્યર્થિત યાવત.... વિચારવા લાગ્યો, નિશ્ચયે અત્યારે શ્રમણ ભગવાન મહાવીર જંબુદ્વીપ નામના દ્વીપમાં ભરતક્ષેત્રમાં, સુસુમાર નગરમાં, અશોક ખંડ ઉદ્યાનમાં, અશોક વૃક્ષની નીચે, પૃથ્વીશિલા પટ્ટપર અઠ્ઠમ ભકતવડે એક રાત્રિક પ્રતિમાને સ્વીકાર કરી ઉભા છે. માટે નિશ્ચે મને તે ઠીક છે કે—શ્રમણ ભગવાન મહાવીરની નિશ્રાએ શક્ર દેવેન્દ્ર દેવરાજને સ્વયમેવ સંપૂર્ણ રીતે શોભાભ્રષ્ટ કરવો. એ રીતે ચિંતવે છે. ચિંતવીને શય્યામાંથી ઉઠયો, ઉઠીને દેવદુષ્ય વસ્ત્ર પહેર્યું. પહેરીને જ્યાં સભા સુધર્મા છે, જ્યાં ચોપ્પાલ આયુધશાળા છે, ત્યાં આવ્યો. ત્યાં આવીને પરીઘરત્નને લીધું. લઇને એકાકી અદ્વિતીયપણે પરીઘ રત્ન સહિત પ્રચંડ ઇર્ષ્યાને ધરતો ચમરચંચા રાજધાનીનાં મધ્યમાંથી નીકળ્યો. નીકળીને જ્યાં **તિગિચ્છકુટ** નામને ઉત્પાત પર્વત છે. (તિર્યગ્ લોકમાં આવવાને માર્ગ) ત્યાં આવે છે. ત્યાં આવીને વૈક્રિય સમુદ્ઘાતવડે પ્રયત્ન કર્યો. એ પ્રયત્ન કરીને યાવત........ઉત્તર વૈક્રિય રૂપ બનાવ્યું અને તે ઉત્કૃષ્ટ ગતિવડે કરીને યાવત્—જ્યાં પૃથ્વીશિલાપટ્ટક છે, જ્યાં મારી નજીકને પ્રદેશ છે ત્યાં આવ્યો, ત્યાં આવીને મને જમણી બાજુથી ત્રણવાર પ્રદક્ષિણા કરી યાવત....નમસ્કાર કરી બોલ્યો કે, હે ભગવાન્! તમારી નિશ્રાથી (સહાયથી) શક્રદેવેન્દ્ર દેવરાજનું અપમાન કરવા ઇચ્છું છું. આ પ્રમાણે કહીને ઇશાન કોણમાં ગયો, જઇને વૈક્રિય સમુદ્ઘાતવડે પ્રયત્ન કર્યો. પ્રયત્ન કરીને યાવત્....બીજીવાર વૈક્રિય સમુદ્ઘાત વડે વિશિષ્ટ પ્રયત્ન કર્યો—પ્રયત્ન કરીને એક મોટું ઘોર—ઘોર દેખાવવાળું, વિકરાળ. વિકરાળ દેખાવવાળું, ભભકતું ભયાનક ગંભીર ત્રાસજનક અમાસની રાત જેવું, અડદના ઢગલા સરખું અને લાખ યોજનના પ્રમાણવાળું વિરાટ શરીર વિકુર્વ્યું (બનાવ્યું) વિકુર્વીને કરાસ્ફોટ કર્યો, આસ્ફોટ કરીને કુદ્યો, કુદીને ગાજ્યો, ગાજીને ઘોડા જેવો ખોંખારો કર્યો, તેમ કરીને હાથી જેવો ગુડગુડાટ કર્યો, તેમ કરીને રથની જેવો ઘણઘણાટ કર્યો, તેમ કરીને પગવડે દડદડાટ (પાદાસ્ફાલન) કર્યો, દડદડાટ કરીને ભૂમિની ચપેટા કરી, ચપેટા આપીને સિંહનાદ કર્યો, નાદ કરીને આગ-

* ઇંદ્રોનું યુદ્ધ અને ન્યાયાધીશ સૂત્ર ૧૪૦
અસુર દેવોમાં પરસ્પર વૈર છે. સૂત્ર ૧૪૨.
સોમ, યમ, વરૂણ તથા કુબેરની સત્તા અને અંતરિક્ષ ચમત્કાર વિગેરે સૂત્ર ૧૬૫, ૧૬૬ ૧૬૭, ૧૬૮.
દેવોનાં પાંચ પ્રકાર અભિવાદણા સૂત્ર ૪૬૧.
લવસત્તમ દેવો સૂત્ર ૫૨૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ળથી મુખ ચપેટા આપી, ચપેટા આપીને પાછળથી મુખ ચપેટા આપી, તેમ કરીને ત્રિપદી છેદ કર્યો, ( અખાડામાં મલ્લની પેઠે ) તેમ કરીને ડાબો હાથ ઉંચો કર્યો, ઉંચો કરીને જમણા હાથની પ્રદેશીની આંગળી અને અંગુઠાવડે મુખને મરોડ આપ્યો, ( મુછે તાસ દીધો ) મરોડ આપીને મોટા શબ્દવડે કલકલાટ કર્યો, કલકલાટ કરીને એકાકી અદ્વિતીય પરીઘરત્ન સહિત ઉપરનાં આકાશમાં ઉછળ્યો, ( ઉછ્યો–ઉપડ્યો ) જ્યાં અધોલોકને ખળભળાવતો હોયની :શું ? મેદિનીતળને કંપાવતો હોયની શું ? તીર્યંચ લોકને આકર્ષતો હોયની શું ? અને અંબર તળને ફોડતો હોયની શું ? એમ કયાંક ગાજતો, કયાંક વીજળીની જેમ ઝબકતો, કયાંક વરસાદ વરસાવતો, કયાંક રજોવૃષ્ટિ કરતો, કયાંક આંધી પ્રગટાવતો, ( તમસ્કાય કરતો ) વાણવ્યંતર દેવોને રંજાડતો રંજાડતો, જ્યોતિષ્ક દેવોને બે ભાગમાં જુદા પાડતો પાડતો, આત્મરક્ષક દેવોને નસાડતો નસાડતો, આકાશપટમાં પરિઘ રત્નને ઉલાળતો ઉલાળતો, અતિશય શોભતો શોભતો તેવી ઉતાવળી યાવત્... ગતિવડે તિર્છા (મૃત્યુ લોકના) અસંખ્યાત દ્વીપ સમુદ્રોના મધ્ય મધ્ય ભાગમાં જતો જતો જ્યાં સૌધર્મા દેવલોક છે, જ્યાં સૌધર્માવતંસક વિમાન છે, જ્યાં સુધર્મા સભા છે ત્યાં આવ્યો. ત્યાં આવીને એક પગ શ્રેષ્ઠ વેદિકા પર મૂકયો અને એક પગ સુધર્મા સભામાં મૂકયો. પરીઘવડે કરીને મોટા શબ્દ સાથે ઈંદ્રકિલને (નગર દ્વારનાં કમાડ બંધ કરતા ભેગા થાય છે તે સ્થાનનો ખીલો ) ત્રણવાર ઠોકયો* ખીલાને ઠોકીને આ પ્રમાણે બોલ્યો કે અરે ઓ ! કયાં છે શક્રદેવેન્દ્ર દેવરાજ ? કયાં છે તે ચોરાશી હજાર સામાનિકો ? યાવત્....કયાં છે તે ચોરાશી હજાર આત્મરક્ષક દેવોની ચાર ટુકડીઓ અને કયાં છે તે ક્રોડો અપ્સરા સમૂહો ? તેઓને આજે હણીશ, મંથી નાખીશ, વધ કરીશ, અવશ્ય અપ્સરાઓ પણ આજે મને વશ્ય થશે ( થાઓ. ) એમ કરીને તે અનિષ્ટ, એકાંત, અપ્રિય, અશુભ, અમનોજ્ઞ, અમનોહર કઠોર વાણી બોલવા લાગ્યો. ત્યારે તે શક્રદેવેન્દ્ર દેવરાજ એ અનિષ્ટ યાવત્....અમનોહર, અશ્રુતપૂર્વ કઠોર વાણીને સાંભળીને વિચારીને એકદમ ક્રોધી બનેલો યાવત....ધમધમતો થકો કપાળમાં ત્રણ રેખાવાળી ભ્રૂકુટી ચઢાવીને ચમર અસુરેન્દ્ર અસુરરાજ પ્રત્યે આ પ્રમાણે બોલ્યો. “ અરે ચમરા, અસુરેન્દરા, અસુર રાજા, અપ્રાર્થ્ય પ્રાર્થના કરનાર ( મૃત્યુ વાંછે છે કે ) યાવત....ક્ષય પુણ્ય ચૌદશે જન્મેલા, આજે તું નથી. ( હતો ન હતો થઇ જઇશ. ) તને લાભ થવાનો નથી. ” એમ કરીને ત્યાં શ્રેષ્ટ સિંહાસન પર રહ્યા થકાંજ વજ્ર લીધું, લીધા પછી તે જાજ્વલ્યમાન ફુટ્ ફુટ્ કરતું તડતડતું હજારો ઉલ્કાપાતોને ખેરવતું, હજારો જ્વા-

* આ આખા પાઠમાં દરેક સ્થાને વર્તમાન કાળના પ્રયોગો છે. પણ અહીં ભૂતકાળના પ્રયોગો કર્યા છે. વળી પ્રસ્તુત ક્રિયામાં ભૂતકૃદન્ત દર્શાવી નવા વાકયનો પ્રારંભ કર્યો છે, પણ ભાષાન્તરમાં તેની અનુવૃત્તિ લેતાં સીધો અર્થ કરેલ છે. —લેખક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ળાને મુકતું, હજારો અંગારાને ખેરવતું ખેરવતું, હજારો અગ્નિકણવાળી જ્વાળાની પંક્તિઓવડે ચક્ષુભ્રમ તથા અવલોકન શક્તિનો હ્રાસ કરનાર, અગ્નિથી અધિક તેજવડે દીપતું, અતિ વેગવાળું, વિકસેલા ખાખરાના વૃક્ષ સમાન મોટા ભયવાળું અને ભયંકર એવા વજ્રને ( એવું વજ્ર ) ચમર અસુરેંદ્ર અસુરરાજના વધ માટે નિકળ્યું ( ફેંક્યું ).

ત્યારે તે ચમર અસુરેન્દ્ર અસુર રાજાએ સન્મુખ આવતા એવા તે જાજ્વલ્યમાન યાવત્....ભયંકર વજ્રને જોયું. જોઇને વિચાર્યું. આંખો વીંચી અને આંખો વીંચીને વિચાર્યું, વિચારી આંખો વીંચીને તુરતજ વિખરાએલ મુકુટ-કળગીવાળો, લટકતા હાથના આધારે રહેલા આભરણુવાળો, ઉંચા પગ અને નીચા માથાવાળો, કાખમાં પરસેવો થયો હોય તેમ **વિર્ણિ** ( કાંખના મેલની પેઠે વિનયને ) મૂકતો મૂકતો તે ઉતાવળી યાવત્....( ગતિથી ) તીર્છા અસંખ્યાતા દ્વીપ સમુદ્રના મધ્ય મધ્યમાં ચાલતો ચાલતો જ્યાં જંબુદ્વીપ-દ્વીપ છે યાવત...જ્યાં શ્રેષ્ટ અશોક વૃક્ષ છે, જે મારી નજીકનો ભાગ છે ત્યાં આવ્યો. આવીને ભયથી ઘર્ઘર સ્વરે " ભગવાન ! મને તમારૂં શરણુ છે, " એમ બોલતો મારા બન્ને પગની મધ્યમાં ત્વરિત વેગવડે આવી બેઠો. ત્યારે તે શક્રદેવેન્દ્ર દેવરાજને આ પ્રમાણે આધ્યાત્મિક યાવત્....વિચાર ઉત્પન્ન થયો કે-ખરેખર ચમર અસુરેન્દ્ર અસુર રાજા આટલો બળવાન નથી. ખરેખર ચમર અસુરેંદ્ર અસુર રાજા આટલો સમર્થ નથી, નિશ્ચે ચમર અસુરેન્દ્ર અસુર રાજનો આ સામર્થ્ય વિષય નથી કે પોતાના જોરથી ઉંચે ઉછળીને યાવત...સૌધર્મ કલ્પમાં આવે. સિવાય કે-અરિહંત, **અરિહંતચૈત્ય,** અનગાર કે ભાવિતાત્માની નિશ્રાએ ઉંચે ઉછળી યાવત...સૌધર્મ કલ્પમાં આવે માટે ખરેખર તેવા અરહંત ભગવંત કે અણુગારની અતિ આશાતના ( અપમાન ) કરવી એ મોટા દુઃખનો વિષય છે. એમ ધારીને અવધિનો ઉપયોગ મૂકયો. ઉપયોગ મૂકીને અવધિવડે મને જોયો, જોઇને હા હા અહો હા હું હણાયો છું ( અરેરે હું હણુનાર છું ) એમ વિચારી તે ઉત્કૃષ્ટ યાવત....દિવ્ય દેવગતિથી વજ્રના માર્ગે ચાલતો ચાલતો તીર્છા અસંખ્યાતા દ્વીપ સમુદ્રોના મધ્ય મધ્યમાં યાવત્....જ્યાં-અશોકવૃક્ષ છે, જ્યાં મારી નજીકનો પ્રદેશ છે ત્યાં આવ્યો. આવીને મારાથી ચાર આંગળ દૂર રહેલ વજ્રને સંહર્યું. ( પાછું ખેંચી લીધું ). પરંતુ હે ગૌતમ ! મુષ્ટિવાતવડે મારા કેશાગ્રને ચલાવ્યા. ( અતિ ઉતાવળથી વજ્ર લેવા જતાં મુઠ બંધ કરતાં પવન છુટયો જેનાથી વાળનાં અગ્રભાગનું સંચલન થયું ) ત્યારે તે શક્રદેવેન્દ્ર દેવરાજે વજ્રને સંહરીને મને જમણી બાજુથી ત્રણવાર પ્રદક્ષિણા કરી. પ્રદક્ષિણા દઇને વંદન કર્યું-નમસ્કાર કર્યો. નમીને આ પ્રમાણે બોલ્યો કે " હે ભગવાન, ખરે તમારી નિશ્રાથી હું ચમર અસુરેન્દ્ર અસુર રાજા વડે સ્વયમેવ અપમાનિત કરાયો. ત્યારે કુપિત થએલા એવા મેં ચમર અસુરેન્દ્ર અસુર રાજનાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વધ માટે વજ્ર ફેંકયું ત્યારે મને આ રીતે આત્મ વિષયક યાવત્........વિચાર ઉત્પન્ન થયો. ખરી રીતે ચમર અસુરેન્દ્ર અસુર રાજા સમર્થનથી તેવીજ રીતે યાવત્........અવધિનો ઉપયોગ મુકયો. અવધિથી આપ દેવાનુપ્રિયને જોયા. હાહા, યાવત્........જ્યાં આપ દેવાનુપ્રિય છો ત્યાં આવ્યો અને આપથી ચાર આંગળ દૂર રહેલા વજ્રને પાછું ખેંચી લીધું. આ રીતે વજ્રને ખેંચી લેવા માટે અહીં (તિર્યક લોકમાં) આવેલો અહીં (સુંસમારપુરમાં) રહેલો અહીં (ઉદ્યાનમાં) આવી રહેલો અને આજે અહીં (આપની પાસે) ઉપસ્થિત થએલો છું. તો હે દેવાનુપ્રિય! હું ક્ષમા ચાહું છું. હે દેવાનુપ્રિય તમો ક્ષમા આપશો. હે દેવાનુપ્રિય તમો ક્ષમા આપવાને યોગ્ય (સમર્થ) છો, આ પ્રમાણે ફરી ફરીવાર નહીં કરૂં? એમ કહીને મને વંદન કર્યું, નમન કર્યું. નમીને ઇશાન તરફનાં દિક્ ભાગમાં ગયો. જઇને ડાબા પગવડે ત્રણવાર ભૂમિને દાબી અને ચમર અસુરેન્દ્ર અસુરરાજને કહ્યું "હે ચમરા અસુરેન્દ્ર! અસુર રાજા શ્રમણ ભગવાન મહાવીરના પ્રભાવથી તને છોડયો છે. હવે તને મારા તરફથી ભયનું કારણ નથી" એમ કહીને જે તરફથી આવ્યો હતો તે તરફ ચાલ્યો ગયો.

(ચાલુ)

# આપણી શાસન સમૃદ્ધિ.

(જિનભવન, પૌષધશાળા, જ્ઞાન ભંડારો વગેરે પુણ્યકૃતિની ઐતિહાસિક નોંધ.)

પૂર્વકાળમાં (ચોથા આરામાં) તીર્થંકર ભગવાન વિદ્યમાન હતા તે વખતે પણ અનેક મહાનુભાવ રાજાઓએ તેમજ ગૃહસ્થોએ જિન મંદિરો બંધાવી પુણ્ય ઉપાર્જન કર્યું છે, તેટલુંજ નહીં પરંતુ આ કાળ (પાંચમા આરા) માં પણ અનેક જૈન ગૃહસ્થોએ રાજા મહારાજાએ પુષ્કળ દ્રવ્ય ખરચી (કે તેટલું દ્રવ્ય પણ વર્તમાન કાળમાં દેખાતું નથી) શ્રી જિનભવન, પૌષધશાળા-દાનશાળા, જ્ઞાન ભંડારો વગેરે કરાવી મળેલ સુકૃતની લક્ષ્મીવડે પુણ્યાનુબંધિ પુણ્ય ઉપાર્જન કરેલ છે, કે જે વર્તમાન કાળે તેટલી લક્ષ્મીના અભાવે તેવા ઉત્તમ જૈન શાસનના કાર્યો બની શકે નહિં; તેટલુંજ નહિ પરંતુ તેનું રક્ષણ કરવાનું કે મરામત કરવાનું તેમજ ઉદ્ધાર કરવાનું કે હાલ જેટલા વિદ્યમાન છે તેટલાને પણ સાચવી રાખવાનું આપણાથી બની શકતું નથી; છતાં તેવા જિન ભવનો, પૌષધશાળાઓ, દાનશાળાઓ અને જ્ઞાન ભંડારો કોણે કોણે કયારે કયારે કેટલું અઢળક દ્રવ્ય ખરચી કરાવ્યા છે તેનો સંગ્રહ કરી તેની નોંધ આ નીચે આપીએ છીએ જે વાંચતાં પણ પરમ આનંદ પ્રાપ્ત થાય તેવું છે.

(સંગ્રાહક.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧. પૂર્વે શ્રી ભરત ચક્રવર્તિ વગેરે મહા પુરૂષોએ શ્રી સિદ્ધાચલ વગેરે ઉત્તમ તીર્થો પર ઘણાં ભવ્ય જિન મંદિરો કરાવ્યાં છે, તેવો અધિકાર શ્રી શત્રુંજય મહાત્મ્ય આદિ જૈન શાસ્ત્રોમાં છે.

૨. તથા મગધ દેશના રાજા શ્રી શ્રેણિક મહારાજાએ શ્રી જિનમંદિરો કરાવ્યાં છે, તે અધિકાર શ્રી આવશ્યક સૂત્રમાં તથા શ્રી હેમચંદ્રાચાર્ય કૃત સ્વોપજ્ઞ શ્રી યોગશાસ્ત્ર વૃત્તિમાં છે.

૩. તથા શ્રી રાજગૃહી નગરીના શેઠ શ્રી શાલિભદ્રના પિતાશ્રીએ પોતાના ઘરમાં સુશોભિત શ્રી જિનમંદિર કરાવ્યું છે તે વાત શ્રી શાલિભદ્ર ચરિત્રમાં છે.

૪. તથા પ્રભાવતી રાણીએ પોતાના અંતઃપુરમાં શ્રી જિનમંદિર બંધાવ્યું છે, તે અધિકાર શ્રી આવશ્યક સૂત્રમાં તથા હૈમ વીરચરિત્રમાં છે.

૫. તથા વાગુર શ્રાવકે શ્રી પુરિમતાલ નગરમાં શ્રી મલ્લિનાથ મહારાજનું મંદિર કરાવ્યું છે, તે અધિકાર શ્રી આવશ્યક સૂત્રમાં તથા શ્રી હૈમવીર ચરિત્રમાં છે.

૬. તથા દશ પૂર્વધર શ્રીઆર્યસુહસ્તિસૂરિજીના પ્રતિબોધથી સંપ્રતિ રાજાએ સવા લાખ નવીન જિન પ્રાસાદ, છત્રીશ હજાર જિર્ણ પ્રાસાદોદ્ધાર, સવા ક્રોડ જિન બિંબ, પંચાણુ હજાર પિત્તલમય જિન પ્રતિમા, અને અનેક સહસ્ર દાન-શાલા આદિ કરી ત્રિખંડ પૃથ્વીને ઘણીજ શોભાવી છે. ઇત્યાદિ અધિકાર શ્રી કલ્પસૂત્રની ટીકાઓમાં છે. હાલ પણ શ્રી સંપ્રતિ રાજાનાં કરાવેલાં જિનમંદિરો ઘણે ઠેકાણે વિદ્યમાન છે.

૭ તથા વિ૦ સં૦ ૧૦૮ માં જાવડશાહે શ્રી શત્રુંજય પર ઓગણીશ લાખ સોનામહોરો ખરચી ઉદ્ધાર કર્યો. પ્રતિષ્ઠા શ્રી દશ પૂર્વધર શ્રી વજ્રસ્વામીજીએ કરી. ઇત્યાદિ અધિકાર તત્પ્રબંધ ગ્રંથોથી જાણવો.

૮. તથા સમરાશાહે વિ૦ સં૦ ૧૩૭૧ માં તથા કર્માશાહે વિ૦ સં૦ ૧૫૮૭ માં શ્રી શત્રુંજય પર ઉદ્ધાર કર્યો છે.

૯. તથા શ્રી સિદ્ધસેન દિવાકર મહારાજજીના સદ્બોધથી શ્રી વિક્રમ રાજાએ શ્રી સિદ્ધાચલજીનો સંઘ ઘણા ઠાઠમાઠથી કાઢ્યો હતો. કે જેની સાથે ચૌદ તો મુકુટબંધ રાજાઓ હતા, સિત્તેર લાખ શ્રાવકો હતા, શ્રી સિદ્ધસેન દિવાકર પ્રમુખ પાંચ હજાર આચાર્યો હતા, ૧૬૯ સુવર્ણના જિનમંદિરો સાથે હતા. એક ક્રોડ દશ લાખ પાંચ હજાર ગાડાઓ હતા, અઢાર લાખ ઘોડાઓ હતા, છત્રીશસો હાથી હતા, ઇત્યાદિ બીજી પણ ઘણી સારી સામગ્રી સાથે હતી. વળી પ્રથમ એક ક્રોડ સોના મહોરોથી શ્રી સિદ્ધસેન દિવાકર મહારાજનું ગુરૂપૂજન કર્યું હતું અને તે દ્રવ્યવડે ગુરૂ મહારાજના ઉપદેશથી જિર્ણોદ્ધાર કર્યો હતો. વગેરે બીજાં પણ ઘણાં સારાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સારાં કાર્યો તેમણે શ્રી ગુરૂ મહારાજના ઉપદેશથી કર્યાં છે. તે વિક્રમ સંબંધી વિશેષ બીજો વૃત્તાંત શ્રી વિક્રમચરિત્રથી જાણવો.

૧૦. તથા આચાર્ય શ્રી બપ્પભટ્ટી[1] મહારાજજીના ઉપદેશથી ગોપગઢ (ગ્વાલિયરગઢ) ના આમ નામના રાજાએ ગોપગઢમાં શ્રી મહાવીર સ્વામીનું ૧૦૧ હાથ ઉંચું ભવ્ય જિનાલય બંધાવી તેમાં અઢાર[2] ભાર પ્રમાણુ સુવર્ણમય પ્રતિમા સ્થાપન કરી. વળી તે શ્રી જિનાલયના મુખ્ય મંડપ અને રંગમંડપ કરાવવામાં બાવીશ લાખ પચીશ હજાર સોનામહોરો ખરચી. વળી વિ. સં૦ ૮૧૧ માં એક ક્રોડ સોનામહોરોનું શ્રી બપ્પભટ્ટિજી મહારાજના આચાર્યપદ મહોત્સવમાં ખરચ કર્યું. વળી પોતાના નવ લક્ષ સિંહાસન પર બેસારી સવા ક્રોડ સોનામહોરથી ગુરૂપૂજન કર્યું. તે ગુરૂપૂજન દ્રવ્યે કરી ગુરૂ મહારાજના ઉપદેશથી એકસો જીર્ણ થયેલાં દેરાસરોનો ઉદ્ધાર કર્યો. વળી તે આમ રાજાએ શ્રી ગોપગઢ ઉપર મનોહર વિશાળ એવી એક પૌષધશાળા બંધાવી કે જેમાં એક હજાર તો સ્તંભો હતા. તેમાં ચતુર્વિધ સંઘને સુખે આવવા માટે ત્રણ મોટા વિશાળ દ્વારો મૂકવામાં આવ્યા હતા. વળી તેમાં દૂર દૂરતર બેઠેલા સાધુઓને પડિલેહણ સ્વાધ્યાયાદિક વેળાઓની ચેતવણી આપવા માટે મધ્યસ્તંભમાં મોટા નાદવાળો એક ઘંટ બાંધવામાં આવ્યો હતો. વળી તે પૌષધશાળામાં એક વ્યાખ્યાન મંડપ ત્રણ લાખ સોના મહોરો ખરચીને બાંધ્યો હતો અને તેમાં એવાં તો ચન્દ્રકાન્ત્યાદિક તેજસ્વી રત્નો જડયાં હતાં કે જેથી રાત્રિએ પણ સાધુઓ ત્રસકાયાદિકની વિરાધના વિના પુસ્તકો વગેરે વાંચી શકતા હતા. વળી બપ્પભટ્ટિસૂરિજીના ઉપદેશથી આમ રાજાએ મોટા આડંબરપૂર્વક સંઘ લઇ શ્રી સિદ્ધાચલજી, શ્રી ગિરિનારજીની યાત્રા કરી ત્યાં પણ જીર્ણોદ્ધાર કર્યો. ઈત્યાદિ. બીજો વિશેષાધિકાર ચતુર્વિંશતિ પ્રબંધ ગ્રંથાદિકથી જાણવો.

૧૧. તથા ગુજરાતના રાજા ભીમદેવના પ્રધાન શ્રી વિમલશાહે વિ૦ સં૦ ૧૦૮૮ માં શ્રી અર્બુદગિરિપર બારક્રોડ ત્રેપન લાખ રૂપીઆનું ખર્ચ કરી ઘણાંજ ભવ્ય જિનમંદિરો બંધાવ્યાં છે, કે જેને જોઇને લોકોનાં મન ઘણાં હર્ષિત થાય છે.

૧૨. તથા શ્રી મંડપાચલ (માંડવગઢ)ના રાજાના પ્રધાન શા. શ્રી પૃથ્વીધરે (પેથડે) તપગચ્છનાયક શ્રીધર્મઘોષસૂરિજીના ઉપદેશથી શ્રી સિદ્ધાચલ, દેવગિરિ (દેવગઢ) અને મંડપાચલ વગેરે પરમોત્તમ સ્થળે ચોરાસી શ્રી જિન-

1. પિતાનું નામ "બપ્પ" માતાનું નામ "ભટ્ટિ" હતું તે ઉપરથી તેમનું નામ "બપ્પભટ્ટિ" રાખવામાં આવ્યું છે. આ આચાર્ય આકાશગામિની વિદ્યાબળથી નિત્ય પંચતીર્થોની યાત્રા કરતા હતા.

૨–"૩॥ કોટીટંક પ્રમાણુ" આવો પણ પાઠ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મંદિરો બંધાવ્યાં. તે સંબંધી વિસ્તાર વાત પૂજ્ય શ્રી સોમતિલકસૂરિ કૃત પૃથ્વીધર સાધુકારિત ચૈત્ય સ્તોત્રથી જાણવી. વળી તેમણે સાત મોટા જ્ઞાનભંડારો કરાવ્યાં. છત્રીશ હજાર જીર્ણ ટંક ખરચી શ્રી ધર્મઘોષસૂરિજીનો મંડપાચલમાં પ્રવેશ મહોત્સવ કર્યો. ઇત્યાદિ ઘણાં ઉત્તમ કાર્ય કરી જેમણે મનુષ્ય જન્મ પામ્યાનું ફળહસ્ત મધ્યગત કર્યું છે. વળી તેમના "ઝાંઝણ" નામના પુત્રરત્ને પણ ઘણાં ઉત્તમ કાર્ય કરેલાં છે. તે શ્રી રત્નમંદિરગણિકૃત ઉપદેશતરંગિણી પ્રમુખ ગ્રંથો જોવાથી સમજાશે.

૧૩. તથા શ્રી સિદ્ધરાજ જયસિંહ રાજાએ શ્રી પાટણમાં વિક્રમ સંવત્ ૧૧૧૩ માં શ્રી રૂષભદેવજીનું મંદિર બંધાવ્યું. તેમાં ૮૫ આંગુલ પ્રમાણવાળી પ્રભુજીની પ્રતિમા સ્થાપી. મંદિરનું નામ "રાજવિહાર" રાખવામાં આવ્યું હતું વગેરે ઘણાં ઉત્તમ કાર્યો કર્યાં છે.

૧૪. તથા સિદ્ધરાજ જયસિંહ રાજાનો મંત્રી "શાન્તૂ" એ નામનો પાંચ હજાર ઘોડેસ્વારનો અધિપતિ હતો અને તે વળી શ્રી દેવસૂરિજી મહારાજનો પરમ ભક્ત હતો. તેણે ચોરાશી હજાર સોના મહોરો ખરચી એક રાજમહેલ સમાન પોતાને માટે મહેલ બનાવ્યો. એક દિવસ તેણે આચાર્ય શ્રી દેવસૂરિજી મહારાજને તે મહેલ બતાવ્યો પણ આચાર્યજીએ તેની પ્રશંસા ન કરી. ત્યારે સેનાપતિએ પૂછ્યું કે હે ભગવન્ ! સર્વલોકો આ મહેલની પ્રશંસા કરે છે તો આપ કેમ પ્રશંસા કરતા નથી ? તે સાંભળી શ્રી દેવસૂરિજી મહારાજના શિષ્ય શ્રી માણિક્યચંદ્રસૂરિજીએ કહ્યું કે જો આ પૌષધશાળા હોત તો ગુરૂમહારાજ પ્રશંસા કરત. ગૃહસ્થના ઘરની પ્રશંસા કરતાં પાપ લાગે. તે સાંભળી શાન્તૂએ કહ્યું કે હવેથી આ પૌષધશાળા હો. ત્યારથી તે પૌષધશાળા થઈ. અહો ! ધન્ય છે તેવા જીવોને.

૧૫. તથા દેવસૂરિજી મહારાજના સદુપદેશથી કોરંટક નગરના નાહડ મંત્રીએ શ્રી કોરંટકાદિકમાં "નાહડવસહિ" આદિક બહોંતેર શ્રીજિનાલયો બંધાવી આચાર્યજીને હાથે વી૦ સં૦ ૧૨૫૨ માં પ્રતિષ્ઠા કરાવી છે.

૧૬. તથા શ્રી હેમચન્દ્રસૂરિજીના ઉપદેશથી પ્રતિબોધ પામેલા શ્રી કુમારપાલ મહારાજાએ શ્રી તારંગાજી, શ્રી સિદ્ધાચલજી અને શ્રી ખંભાત વગેરે ઉત્તમ સ્થળે ૧૪૪૪ નૂતન જિનમંદિરો તથા ૧૬૦૦ જીર્ણોદ્ધારો કરાવ્યા. કે જેમાંથી આજ પણ ઘણાંક જિનમંદિરો વિદ્યમાન છે; વળી શ્રી પાટણમાં પોતાના પિતા શ્રી ત્રિભુવનપાલના નામની યાદગિરિ માટે "તિહુઅણ વિહાર" નામનું ૭૨ દેવકુલિકાસહિત જિનમંદિર બંધાવ્યું. તેમાં ૧૨૫ અંગુલની ઉંચી અરિષ્ટ રત્નની મૂલનાયક શ્રી નેમિનાથ પ્રભુની પ્રતિમા સ્થાપી. અને ફરતી ૭૨ દેહેરીઓમાં તેણે ચૌદભાર પ્રમાણ ૨૪ રત્નની, ૨૪ સોનાની, ૨૪ રૂપાની, ઇત્યાદિ જિનપ્રતિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માઓ સ્થાપી. સર્વ મળી તેમાં ૯૬ ક્રોડ સોનામહોરો ખરચી. તે જિનાલયમાં ઉદયન, આમ્રદેવ, કુબેરદત્ત વગેરે ૧૮૦૦૦ શ્રાવકોની સાથે રાજા નિત્યગીત, નૃત્ય, વાદિત્ર સહિત સ્નાત્ર મહોત્સવ કરતા હતા. વળી ૭૦૦ લેખકો ( લહીઆઓ ) રાખીને છ લાખ છત્રીશ હજાર આગમ પુસ્તકો લખાવ્યાં. તેમાં દરેક આગમની સાત સાત પ્રતો સોનાના અક્ષરોથી લખાવી. તથા શ્રી હેમાચાર્યકૃત વ્યાકરણ તથા ચારિત્રાદિક ગ્રંથોની એકવીશ એકવીશ પ્રતો લખાવી લાભ લીધો. વળી પરમગુરૂ શ્રી હેમાચાર્યજીના ઉપદેશથી શ્રી કુમારપાલ રાજાએ ૭૨ રાણા, ૧૮૦૦૦ કોટિધ્વજ શાહુકારો અને લાખો બીજા શ્રાવકોના સંઘ સહિત શ્રી સિદ્ધાચલ, ગિરિનાર આદિ તીર્થોની મોટા આડંબરથી યાત્રા કરી. તેમાં દરેક સ્થાને સ્નાત્રમહોત્સવ, ધ્વજારોપણ, શ્રી સંઘ વાત્સલ્ય આદિ કાર્યો તેમણે કર્યાં. તે શ્રી કુમારપાલ ભૂપાલ સંબંધી વિશેષ વૃત્તાંત શ્રી મેરૂતુંગાચાર્યકૃત શ્રી પ્રબંધચિન્તામણિથી તથા વાચક શ્રી જિનમંડનગણિ કૃત કુમારપાલ પ્રબન્ધથી જાણવો.

૧૭. તથા શ્રી અણહિલપુર પાટણના શ્રી કુમારપાળ રાજાના બાહડ મંત્રીએ વિ૦ સં૦ ૧૨૧૩ માં શ્રીશત્રુંજયોદ્ધાર કર્યો. એ પ્રસંગે ૨ ક્રોડ ૯૭ લાખ સોના મહોરો ખરચી. વળી તેમણે શ્રીગિરિનાર પર પગથીયાં બંધાવી સુલભ માર્ગ કર્યો. તેમાં ૬૩ લાખ સોનામહોરોનું ખરચ કર્યું. યતઃ—

" त्रिषष्टिलक्षद्रव्याणां गिरिनार गिरौ व्ययात् ॥
भव्या बाहडदेवेन पद्या हर्षेण कारिता ॥ १ ॥ "

ઇત્યાદિ ઘણાં ઉત્તમ કામ કર્યાં છે.

૧૮. શ્રી પાટણના આભડ નામનાં શ્રાવકે ૨૪ તીર્થંકરનાં ૨૪ જિન મંદિરો બંધાવ્યાં, તથા ૮૪ પૌષધશાળાઓ બંધાવી. એ વગેરે સાતે ક્ષેત્રોમાં ૯૦ લાખ સોનામહોરો ખરચી લાભ લીધો છે.

૧૯. શ્રી ધવલક્કપુર ( ધોળકા )ના વિરધવલ રાજાના શ્રી વસ્તુપાલ, તેજપાળ મંત્રીઓએ તેરસો નવાં જિન મંદિરો અને બાવીસો જીર્ણોદ્ધાર કરાવ્યા. સવાલાખ જિનબિમ્બ ભરાવ્યાં. શ્રી અર્બુદાચળ પર કરોડો રૂપીઆ ખરચી જિન મંદિરો બંધાવ્યાં. વળી વસ્તુપાલની સ્ત્રી અનુપમા દેવીએ અને તેજપાલની સ્ત્રી લલિતાદેવીએ શ્રી અર્બુદાચળ પર શ્રી નેમિનાથનાં મંદિરમાં પેસતાં બે બાજુ અઢારલાખ રૂપીઆ ખરચી બે ગોખ કરાવ્યા કે જે દેરાણી જેઠાણીના નામથી પ્રસિદ્ધ છે. વળી ૯૮૪ પૌષધ શાળાઓ બંધાવી. વળી સાત ક્રોડ સોનામહોર ખરચીને સુવર્ણની શાહીથી તથા મશીની શાહીથી તાડપત્રો પર તેમજ ઉત્તમ કાગળો પર પુસ્તકો લખાવીને સાત સરસ્વતી ભંડાર કરાવ્યા છે. વળી વિ૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સં૦ ૧૨૮૫ માં **પહેલી** શ્રી શત્રુંજય તથા ગિરિનાર તીર્થની યાત્રા કરી હતી, તે વખતે તેમની સાથે ચોવીશ હાથી દાંતના જિનમંદિરો, એકસોને વીશ કાષ્ટના જિનમંદિરો, પિસ્તાળીસો ગાડાં, સાતસો પાલખીઓ, પાંચસો કારીગરો, સાતસો આચાર્યો, બે હજાર શ્વેતાંબર મુનિઓ, અગીઆરસો દિગમ્બરો, ઓગણીસો સાધ્વીઓ, ચાર હજાર ઘોડાઓ, બે હજાર ઉંટો, અને સાતલાખ માણસો હતાં. એવી રીતે પહેલી યાત્રા કર્યા બાદ તેથી અધિક અધિક આડંબરથી બીજી યાત્રાઓ એટલે સાડીબાર યાત્રાઓ કરી હતી. ઇત્યાદિ ઘણાં ઉત્તમ કામ તેમણે કર્યાં છે. તે શ્રાદ્ધવિધિ ગ્રંથ ટીકા તથા વસ્તુપાલ તેજપાલ રાસ વગેરે જોવાથી સમજાશે.

સંગ્રાહક—**આત્મવલ્લભ.**

## ન્યાયાંભોનિધિ શ્રી ૧૦૦૮ વિજયાનંદસૂરીશ્વરજીના અનુપમ પટ્ટાલંકાર સમયજ્ઞ શ્રીમદ્ વિજયવલ્લભ સૂરિવરનું

# રચનાત્મક કાર્ય.

**લેખક–નાનકચંદજી પંજાબી.**

અજ્ઞાનને દૂર કરવા, કેળવણીનો પ્રચાર કરવા માટે **શ્રીવિજયવલ્લભસૂરિવરજી** તનતોડ પ્રયત્ન કરી રહ્યા છે એ કોણ નથી જાણતું ? તેઓ જે ગામ કે શહેરમાં વિચરે છે ત્યાં પાઠશાળા, છાત્રાલય, પુસ્તકાલય, વગેરે કેળવણીના સાધનો માટે યોગ્ય ઉપદેશ આપવાનું ભૂલતા નથી. આ વર્ષે તેમનું ચાતુર્માસ મુંબઇમાં શ્રી ગોડીજીના ઉપાશ્રયમાં છે. મુંબઇનું વાતાવરણ કલુષિત હોવા છતાં તેઓ પોતાની ફરજ બજાવ્યા જાય છે. આવો એક શુભ પ્રસંગ ગયા આષાઢ માસની કૃષ્ણ પંચમીને શુક્રવારે બન્યો.

આ દિવસે વ્યાખ્યાન સમયે આચાર્યશ્રીની અનુજ્ઞાથી પ્રો. **હીરાલાલ રસીકદાસ કાપડીયાએ** શ્રોતૃવર્ગનું ' નવતત્ત્વ ' તરફ લક્ષ્ય ખેંચતાં વિવેચન કર્યું કે આચાર્ય પ્રવરની મલાડમાં પધરામણી થઇ ત્યારે હું તેમને વંદન કરવા ગયો હતો. તે વખતે જ્ઞાન–ગોષ્ઠી ચાલતાં સ્વર્ગસ્થ ન્યાયાંભોનિધિ શ્રી **વિજયાનંદસૂરીશ્વર** કે જેઓ **આત્મારામજી મહારાજ**શ્રીના નામથી મશહુર છે. તેમની અત્યાર સુધી અપ્રસિદ્ધ **નવતત્ત્વ** નામની કૃતિ તરફ મેં એમનું સવિનય ધ્યાન ખેંચ્યું. મને નિવેદન કરતાં અતિશય આનંદ થાય છે કે એમણે તરત જ આ ગ્રં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થની ખુદ કર્તાને હાથે લખાયેલી પ્રતિ પંજાબથી મંગાવી આપવા તેમજ તેના પ્રકાશનાર્થે સમયાનુસાર બનતો પ્રબંધ કરાવી આપવાની ઇચ્છા દર્શાવી.

આજે હું એ જ અદ્ભુત ગ્રંથ વિષે આપ સમક્ષ બે બોલ બોલવા ઉભો થયો છું. આપ સૌ જાણો છો તેમ **આત્મારામજી** મહારાજશ્રીના અનેક ભક્તો છે. આ શાસન-નાયક પરમ ઉપકારી ગુરૂદેવે **નવતત્ત્વનો** ગ્રંથ હિંદી ભાષામાં રચી દ્રવ્યાનુયોગના જિજ્ઞાસુઓને ઋણી બનાવ્યા છે. શ્રી**પન્નવણા, ભગવતી** વગેરે જૈનોના અતિ પવિત્ર આગમોના દોહનરૂપે વિવિધ કોઠાઓ તૈયાર કરી તેમણે આ અસાધારણ ગ્રંથની અદ્વિતીયતા સિદ્ધ કરી આપી છે. વિશેષમાં **સમવસરણ** વગેરેનું ચિત્ર-કાર્ય પણ હાથે કરી પોતાની એ વિષયની કુશળતાનું પણ દિગ્દર્શન કરાવ્યું છે. આ ચિત્રોના બ્લોક બનાવી તે પ્રકટ થાય તો તેમની ચિત્ર-કળાના નમૂના જળવાઇ રહે. તેમના અક્ષરો મોતીના દાણા જેવા છે, તેનો પણ ફોટો આપવો અસ્થાને નહિ ગણાય. વળી આ ગ્રંથ છપાવીને બહાર પાડીએ ત્યારે તેમાં એમની ત્રિરંગી ભવ્ય મૂર્તિ પણ આળેખવી આવશ્યક સમજાય છે. આપનો વિશેષ સમય નહિ લેતાં હું એટલું જ ઉમેરીશ કે નવતત્ત્વ સંબંધી અનેક ગ્રંથો છે, પરંતુ તેમાં આ કંઇ ઓર જ સ્થાન ભોગવે છે. એ ગ્રંથની છપામણી, બંધામણી, કાગળ વગેરેનો ખર્ચ ગણતાં એની કીંમત અગાઉથી ગ્રાહક થનાર પાસે ચાર રૂપિયા લેવાય તો ખોટું નહિ. આ સંબંધમાં વિશેષ પ્રકાશ પાડવા મહારાજશ્રીને હું વિનવું છું.

ત્યારબાદ સમયજ્ઞ શ્રી**વિજયવલ્લભસૂરીશ્વરજી**એ બુલંદ અવાજે પોતાનું વક્તવ્ય રજુ કરતાં કહ્યું કે "આ **નવતત્ત્વ** ગ્રંથના કર્તા પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રી**વિજયાનંદ** સૂરિરાજ છે. તેમણે આ ગ્રંથ વિ. સં. ૧૯૨૭ માં વિનોલી ગામમાં રચ્યો હતો, છતાં યોગ્ય પ્રસંગ નહિ મળવાથી અત્યારસુધી અપ્રસિદ્ધ અવસ્થામાં રાખી મૂકાયો હતો. એક વેળા શ્રાવક ભીમસિંહ માણેકના મંગાવવાથી આની મૂળ પ્રત મોકલવામાં આવી હતી, પરંતુ તે વખતે મુદ્રણ-કળાની જેવી જોઇએ તેવી પ્રગતિ નહિ થયેલી હોવાથી તેમજ એ ગ્રંથ છપાય તો તેના ગ્રાહકોની યોગ્ય સંખ્યાનો સદ્ભાવ નહિ જણાયાથી પ્રત પાછી આવી અને તે પંજાબના ભંડારમાં પડી રહી. પ્રો. **હીરાલાલ**ના કહેવાથી મેં એ પ્રત ત્યાંથી મંગાવી છે અને તે અત્ર મૌજુદ છે. આજે તે પ્રકાશમાં મૂકાય છે.

પંજાબમાંથી પણ આના પ્રકાશન માટે ખર્ચ મળી રહેત, પરંતુ આવું ટિપ્પણ, પરિશિષ્ટો વગેરે સહિત સુંદર સંપાદન-કાર્ય કરનાર ત્યાં કોઇ નહિ જણાયાથી અત્યાર સુધી આ ગ્રંથ પ્રસિદ્ધ થતો અટક્યો છે. અત્ર આ કાર્ય પ્રો. **હીરાલાલ રસિકદાસ** સારી રીતે કરી શકે તેમ છે એમ મને તો લાગે છે. તેમના સદ્ગત પિતાશ્રી મારા પરમ મિત્ર, મિત્ર જ નહિ પણ મારા સહાધ્યાયી અને તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ સતીર્થ્ય–ગુરૂભાઇ થતા હતા. તેમના આ લાયક પુત્રે એમ. એ. સુધીની ઉચ્ચ કેળવણી લીધી છે. વળી ધાર્મિક અભ્યાસ પણ સારો કર્યો છે. એ વાતની પ્રતીતિ શ્રેષ્ઠિ દેવચંદ લાલભાઇ જૈનપુસ્તકોદ્ધાર સંસ્થા તરફથી પ્રસિદ્ધ થયેલા તત્ત્વાર્થાધિગમસૂત્ર બૃહત્ ટીકા સહિતના સંપાદન–કાર્યથી જણાઇ આવે છે. એક તો સૂરીશ્વરનો ગ્રંથ સુવર્ણ સમાન છે અને બીજી બાજુ આનું યોગ્ય સંપાદન રૂપ સુગંધનો સુયોગ મળી આવ્યો છે. તો આ ગ્રંથના પ્રકાશન માટે યોગ્ય ઉદ્યમ કરવો એ શ્રીસંઘનું કર્તવ્ય છે. ”

આ પ્રમાણેની તેમની સાચી સલાહ શ્રોતૃવર્ગને એટલી બધી પસંદ પડી કે ત્યાંને ત્યાં સાડીત્રણસે ( ૩૫૦ ) નકલો નોંધાઇ ગઇ. વળી ત્રણ દિવસ પછી બીજી સાડીત્રણસો નકલો પણ નોંધાઇ, તેમાં ખાસ કરીને શ્રીગોડીજી દહેરાસરના જ્ઞાનખાતા તરફથી અઢીસે નકલો નોંધાવવાની ટ્રસ્ટી–સાહેબોએ ઉદારતા દાખવી છે. તેની અત્ર નોંધ કરવી અસ્થાને નહિ ગણાય.

ગ્રાહકના પ્રમાણમાં આ ગ્રંથની નકલો છપાવવાની હોવાથી અગાઉથી ચાર રૂપિયા લઇ ગ્રાહકોના નામ નોંધવામાં આવે છે, તેમને એ કીંમતથી ગ્રંથ મળી શકશે. તેમજ તેમના મુબારક નામો ગ્રંથના અંતમાં છપાશે. પૈસા શ્રીવિજયદેવસૂર સંઘની પેઢી, ગોડીજીનું દહેરાસર, પાયધુની–મુંબાઇ એ સરનામે ભરવાથી પહોંચ મળે છે. ગ્રંથ છપાઇને બહાર પડતાં જાહેર ખબરથી ખબર આપવામાં આવશે. તે વખતે પહોંચ દેખાડતાં ગ્રંથ એ પેઢી ઉપરથી મળે તેવો પ્રબંધ કરવામાં આવ્યો છે. આશા છે કે આચાર્યવર્યના ભક્તજનો ગ્રાહક થવાની આ તક જરૂર વધાવી શાસનની શોભામાં વૃદ્ધિ કરશે.

## પ્રશ્નોત્તર સમશ્યાઓ

### ભાગ ૬ ઠ્ઠો.

( રચનારઃ–**શાહ છગનલાલ નહાનચંદ નાણાવટી, વેજલપુર–ભરૂચ** )

**દોહરા**–નામ શું પ્રથમ પુરૂષાર્થનું, કોણ ન મૂકે માઝ[1] ?
**ધર્મ–સાગર** ધરતા સદા, તપગચ્છની બહુ દાઝ. ૧

સજ્જન **શું** સંગ્રહ કરે, રત્નખાણ કો સ્થાન ?
**ગુણ–સાગર** ચોરી[2] વિષે, પામ્યા કેવળજ્ઞાન. ૨

૧ માઝ=માઝા, મર્યાદા. ૨ ચોરી=લગ્ન પ્રસંગે રચાય છે તે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોણ ચેતન પૃથ્વિતણું, કવણ નિશાકર નામ ?
ભલું નામ ભાવે ભણો, **ભાનુ–ચંદ્ર** ગુણ ઠામ. ૩

કવણ નામ સાગરસુતા, કવણ સરોવર બંધ ?
**શ્રી–પાળ** કુંવર સુખીયા થયા, પ્રસરે જાસ સુગંધ. ૪

કોણ શોભે ઐરાવતે, પુણ્યથી શું પમાય ?
**ઇંદ્ર–ભૂતિ** સંશય ટળ્યા, જીનવર વીર પસાય. ૫

વર્ણ કયો શુભ સૂચવે, કોણ શોભે દરબાર ?
આર્ય **સુ–હસ્ત** ગુરૂ, ધન્ય, શાસન શણગાર. ૬

કોણ ગૃહિણી યોગીતણી, કોણ અષ્ટમ જીનરાય ?
શાહ અકબર દરબારમાં, **શાંતિ–ચંદ્ર** સોહાય. ૭

કોણ જીનવર પચ્ચીસમો, રહે સેવામાં કોણ ?
**સંઘ–દાસ** ગુરૂ નામથી, પડે પાપ પર ઘોણ[3]. ૮

નેમિ ચરણ લંછન કવણ, કવણ જગતનો નાથ ?
પાર્શ્વ **શંખેશ્વર**[4] પ્રણમીએ, હરખે જોડી હાથ. ૯

[5]શેષ શિરપર શું રહ્યું, દધિસુતનો શું અર્થ ?
સમશ્યા ઉત્તર સહેલ છે, **પૃથ્વિ–ચંદ્ર** સમર્થ. ૧૦

સુભટ શું ઇચ્છે સદા, કોણ વડો વનરાજ ?
જય બોલો **જય–સિંહ**ની, જેહ સૂરિ સુખસાજ. ૧૧

કોણ ઝુલે ઝોળી વિષે, કોણ શોભાવે રાત ?
**બાળ–ચંદ્ર** બળિયા સૂરિ, દઇએ નામ પ્રભાત. ૧૨

પ્રકાર યોગના કેટલા, ચરણ ચિન્હ કો નામ ?
લબ્ધિ બળે ગૌતમ ગયા, ગિરિ **અષ્ટા–પદ** ધામ. ૧૩

સત સંગે શું સાંપડે, કીકી કો ઉપમાન ?
ગુણ ગાઇએ **ગુણ–રત્ન**ના, થઇ ગુણમાં ગુલતાન. ૧૪

ધરે ધરણી શું ગર્ભમાં, દીપકે કોણ શોભાય ?
મુનિવર **રત્ન–મંદિર**ના, ગુણમાં ચિત્ત લોભાય. ૧૫

---

૩ ઘોણ=ઘાણ, હથોડો. ૪ શંખેશ્વર=શંખ+ઇશ્વર. ૫ શેષ=શેષનાગ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# श्रीशंखेश्वरपार्श्वनाथचैत्यवन्दनम् ।

( शार्दूलविक्रीडितम् )

कीर्त्तिर्यस्य विराजतेऽतिविमला गोडीपुरे पूर्वरे,
तीर्थे स्तम्भनके च लोद्रवपुरे वाणारसीपत्तने ।
जीरावल्यभिधानके सुविदिते तीर्थेऽतिरम्यर्द्धिके,
श्री शंखेश्वरपार्श्वनाथमनिशं वन्दे तमिष्टप्रदम् ॥ १ ॥

इष्टार्थप्रतिपादनेऽमरतरुं सिद्धान्ततत्त्वालयं,
श्री वामातनुजं सुरासुरगणैर्वन्द्यं सदा भावतः ।
स्वर्गे भूमितले च नागवसतौ ख्यातप्रभावं प्रभुं,
श्री शंखेश्वरपार्श्वनाथमनिशं वन्देऽक्षयार्थप्रदम् ॥ २ ॥

दुर्भेद्यानि विभिद्य बोधपविना कर्माणि यो मूलतः,
प्राप्यानन्तकलंचिरत्नमतुलं ज्ञानाख्यरत्नं विभुः ।
लेभे निर्वृतिसौख्यमात्महितदं स्वानन्दितात्मा स्वयं,
श्रीशंखेश्वरपार्श्वनाथमनिशं वन्दे तमिष्टप्रदम् ॥ ३ ॥

त्रैलोक्याधिपतिं पवित्रवपुषं लोकत्रयोद्धारकं,
पापानामविलोकनीयमनिशं मुक्तिप्रियालिङ्गितम् ।
अम्भोजाङ्घ्रियुगं प्रसन्नवदनं स्वच्छद्विजालिप्रभं,
श्री शंखेश्वरपार्श्वनाथमनिशं वन्देऽक्षयार्थप्रदम् ॥ ४ ॥

अब्धि-द्वीपँ-भुजङ्ग-भू परिमिते संवत्सरे वैक्रमे,
मासे माधव उत्तमेऽसितदले यद्दर्शनं पावनम् ।
प्राप्तं पुण्यवतां सदैव सुलभं दुष्प्रापमन्याङ्गिनां,
श्री शंखेश्वरपार्श्वनाथमजितानन्दं नमामि प्रभुम् ॥ ५ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કાર્ય અને આશા.

( ૩ )

**વિઠ્ઠલદાસ મૂ. શાહ બી. એ.**

સમૃદ્ધિનો આરંભ પહેલવહેલાં મનની અંદર થાય છે અને જ્યાંસુધી માનસિકભાવો એને અનુકૂળ નથી થતા ત્યાંસુધી તેની પ્રત્યક્ષ સિદ્ધિ થવી અસંભવિત છે. કાર્ય કોઇ એક પદાર્થને માટે કરવું અને આશા કોઇ બીજા જ પદાર્થની રાખવી એ ઘણી ખરાબ વાત છે. તમને ડગલે ડગલે અસફલતા જ દેખાતી હોય તો પછી વિજયદ્વારમાં તમારો પ્રવેશ કેવી રીતે થઇ શકવાનો ?

ઘણા મનુષ્યો પોતાનાં જીવનને યોગ્ય માર્ગ ઉપર નથી લગાડતા. તેઓ પોતાના ઘણાખરા પ્રયત્નોને શક્તિહીન કરી મુકે છે; કેમકે તેઓ પોતાના માનસિક ભાવોને પોતાના પ્રયત્નને અનુકૂળ નથી બનાવતા અર્થાત્ તેઓ કાર્ય કોઇ એક પદાર્થ માટે કરે છે અને ઇચ્છા કોઇ બીજા પદાર્થની કરે છે. હાથમાં લીધેલા કાર્યથી વિપરીત માનસિક ભાવો રાખવાથી તેઓ એ કાર્યમાં સફલતા પ્રાપ્ત નથી કરી શકતા. તેઓ એ કાર્યને એવા નિશ્ચયપૂર્વક હાથમાં નથી લેતા કે આ કાર્યમાં અમને અવશ્ય સફલતા અને વિજય પ્રાપ્ત થશે જ. એજ કારણથી તેઓને સફલતા અને વિજયનો આનંદ નથી મળતો. કેમકે સફલતા અને વિજય માટે દૃઢ નિશ્ચય કરવો એજ તેને માટે ક્ષેત્ર તૈયાર કરવા જેવું જ છે.

ઇચ્છા પૈસાની કરવી અને એમ કહ્યા કરવું કે શું કરીએ ભાઇ, અમે ગરીબ છીએ, દરિદ્ર છીયે એ આપણી પૈસા કમાવાની યોગ્યતા ઓછી કરે છે; એવા મનુષ્યોને માટે એમ કહેવું એ જરાપણ અનુચિત નથી કે તેઓ પૂર્વમાં જવા માગે છે, પણ પોતાના પગ પશ્ચિમ તરફ ધપાવે છે.

કોઇ મનુષ્ય સફલતા સંબંધીની પોતાની યોગ્યતા-શક્તિ માટે સંદેહ કરી રહ્યો હોય અને એ રીતે અસફલતાના તત્વોને પોતાની તરફ આકર્ષી રહ્યો હોય એ સ્થિતિમાં સફલતા પ્રાપ્ત કરવામાં સહાય કરે એવી એક પણ વસ્તુ નથી.

જેઓ સફલતા-વિજય પ્રાપ્ત કરવા ઇચ્છતા હોય તેઓએ વિચાર પણ એના જ કરવા જોઇયે, તેઓએ સુખ, સમૃદ્ધિ, ઉન્નતિના જ શુભ વિચારો કરવા જોઇયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે દિશા તરફ તમે મ્હોં કરશો એજ દિશામાં તમે જઇ શકવાના. જો તમે દરિદ્રતા–કાયરતાની તરફ મ્હોં ફેરવશો તો તમારી ગતિ તે તરફ જ થવાની. એથી ઉલ્ટું જો તેનાથી તમારૂં મ્હોં બીજી તરફ ફેરવશો, એને ધિક્કારશો, એના વિચાર કરવા છોડી દેશો, તેની વાત જ ન કરશો તો તમારી ઉન્નતિ થવા લાગશે–સમૃદ્ધિના આનન્દપ્રદ ભુવનમાં તમારો પ્રવેશ થવા લાગશે.

અનેક મનુષ્યો વિપરીત ભાવનાથી કાર્ય કરે છે, અર્થાત્ તેઓને સમૃદ્ધિશાળી થવું ગમતું હોય છે, પરંતુ તેઓના હૃદયમાં એટલો વિશ્વાસ નથી હોતો કે અમે સમૃદ્ધિશાળી બની જઇશું અને એજ કારણથી સફળતા તેઓને માટે અસંભવિત બને છે. ખરેખર, આપણા દરિદ્રતા અને દ્રવ્યહીનતાના ભાવોએ જ, આપણા સંશય અને ભયના વિચારોએ જ, આપણા આત્મવિશ્વાસના અભાવે જ, અનન્ત ઐશ્વર્યના અવિશ્વાસે જ આપણને ગરીબ, દરિદ્રી અને લાચાર રાખ્યા છે.

તમે તમારી બધી શકિત પૈસા કમાવામાં ખર્ચી રહ્યા હો ત્યારે તમારા આચરણમાંથી ગરીબાઇને હાંકી કાઢો. તમારા મનના ભાવોને સૌભાગ્ય અને સમૃદ્ધિયુક્ત બનાવો. જો તમે તમારી આસપાસનું વાતાવરણ દરિદ્રતાના વિચારોથી ભરી દેશો તો તમારા મનમાં એવા જ સંસ્કારની જમાવટ થશે અને તમે તમારી તરફ પૈસાને આકર્ષી નહિ જ શકો.

અંગ્રેજીમાં એક એવા ભાવાર્થની કહેવત છે કે બકરી જેટલી વાર બેં બેં કરે છે તેટલું તેના મોઢાને ઘાસનું નુકસાન થાય છે. એ કહેવત તમને પણ લાગુ પડી શકે છે. જ્યારે જ્યારે તમે તમારા ભાગ્યનો દોષ કાઢો છો, અર્થાત્ એમ કહ્યા કરો છો કે ભાઇ, હું ગરીબ છું, બીજા કરી શકે છે તેવાં કાર્યો હું નથી કરી શકતો, હું કદિપણ પૈસાદાર નહિ થઇ શકું, મારામાં બીજાની જેટલું બુદ્ધિકૌશલ્ય નથી, મારી આશા અને સફલતા ઉપર પાણી ફરી વળ્યું, દૈવ મારાથી વિપરીત છે ત્યારે ત્યારે તમે વિપત્તિને આમંત્રો છો અને સુખશાંતિને લૂંટી લેનાર શત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત કરવાનો માર્ગ વધારેને વધારે કઠિન બનાવો છો. કેમકે જેટલીવાર તમે તે વિષયનો વિચાર કરશો તેટલા તેના સંસ્કાર તમારા આત્મામાં જામતા જશે.

વિચાર એ તો એક જાતનું લોહચુંબક છે, જે પોતાના જ પદાર્થોને ખેંચે છે. જો તમારૂં મન ગરીબાઇ અને આધિવ્યાધિના જ વિચારોમાં રમ્યા કરતું હશે તો તમે જરૂર ગરીબાઇ અને વ્યાધિથી પીડાવાના જ. એવું તો કદિ નથી બનવાનું કે તમે જે પ્રકારના વિચારો કરતા હો તેનું પરિણામ તે વિચારોથી ઉલ્ટું આવે, કેમકે જે રીતે તમારૂં જીવન ઘડાવાનું છે એના નમુનારૂપજ તમારા માનસિક ભાવો છે. તમારી કાર્યનિપુણતાનો આરંભ પહેલાં તમારા પોતાનાં મનમાંજ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જો તમે હમેશાં ક્ષુદ્ર વ્યવસાય અને તુચ્છ વેપારના જ વિચાર કર્યા કરશો, તેને માટે જ તૈયારી કરતા રહેશો, તેનીજ આશા રાખ્યા કરશો, અને હમેશાં એમજ વિચાર્યા કરશો કે શું કરીએ, ભાઈ! સમય બહુ નાજુક આવી ગયો છે, ધંધારોજગાર પડી ભાંગ્યા છે તો સમજી લેવું કે તેનું પરિણામ ઘણુંજ આત્મઘાતી નીવડવાનું અને વેપારની ઉન્નતિના સઘળા દ્વાર તમારે માટે બંધ થઇ જવાના. સફલતા પ્રાપ્ત કરવા માટે તમે ગમે તેટલો તનતોડ પરિશ્રમ કરો, પરંતુ જો તમારા વિચારો અસફલતાના ભયથી ગ્રસ્ત થયેલા હશે તો સમજી લેવું કે એ વિચારો તમારા પરિશ્રમને નકામો કરી મુકશે, તમારા પ્રયત્નોને પંગુ કરી મુકશે, એથી વિજય પ્રાપ્ત કરવાનું તમારા માટે અશકય થઇ પડશે.

મને સફલતા મળશે કે નહિ, હું તંગીમાં આવી પડીશ તો શું કરીશ, એવા ભય તથા શંકાના વિચારોથી હજારો મનુષ્યો ઇષ્ટ સિદ્ધિથી અર્થાત જે વસ્તુની તેઓ ઇચ્છા કરતા હોય છે તેનાથી દૂર રહી જાય છે, પછી તેઓને સફલતા કેવી રીતે પ્રાપ્ત થઇ શકે ?

આપણે દરેક વસ્તુને ઉજ્વળ, આશાજનક અને નિશ્ચયાત્મક દૃષ્ટિથી જોવી જોઇએ. આપણે વિશ્વાસ રાખવો જોઇએ કે જે કંઇ થશે તે સારૂં જ થશે, સત્યનો હમેશાં વિજય જ થશે. આપણે નિશ્ચય કરી લેવો જોઇએ કે સત્યનો અસત્યપર વિજય જ થવાનો. આપણે જાણી લેવું જોઈએ કે એકતા અને સ્વાસ્થ્ય જ સત્ય છે અને વિરોધ, વ્યાધિ, અસત્ય એ મનુષ્ય-સ્વભાવને પ્રતિકુળ છે. આવા આવા દિવ્ય વિચારો રાખવાથી આપણે પણ આશાવાદીઓ અને શુભદર્શકોની કોટિમાં મુકાઇ જશું, કેમકે આશાવાદીઓના એવાજ વિચારો હોય છે. એવા વિચારોના બળથી સંસારમાં એક જાતનો અલૌકિક સુધારો થઇ જાય છે.

આશાવાદ તો અમૃત સમાન છે. જેવી રીતે સૂર્યના પ્રકાશથી જીવન પ્રાપ્ત થાય છે તેવીજ રીતે આશાવાદથી મનુષ્યોમાં જીવનશકિતનો સંચાર થાય છે. એ એક મનોભાસ્કરનો પ્રકાશ છે કે જે આપણા જીવનને સૌંદર્યની અલૌકિક છટાથી વિભૂષિત કરે છે અને જીવનનો વિકાસ કરે છે. સૂર્યના પ્રકાશમાં વનસ્પતિ ફુલેફાલે છે તેમ માનસિક શકિતઓ એ પ્રકાશમાં ફુલેફાલે છે.

નિરાશાવાદનું પરિણામ એનાથી ઉલ્ટું છે, એ તો એક ભયંકર રાક્ષસ છે જે આપણા નાશ માટે જ તાકીને બેઠો હોય છે અને જે આપણી ઉન્નતિ થવા દેતો નથી.

જે મનુષ્ય દરેક વસ્તુની અંધકારમય બાજુ જોયા કરે છે, જે હમેશાં અસફલતાના જ વચનો ઉચ્ચારે છે, જે જીવનના કેવળ અપ્રીતિકર અંશને જ જોયા કરે છે તેની દુ:ખ તથા દરિદ્રતા રાહ જોયા કરે છે. **ચાલુ—**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ખરા પુરૂષાર્થ યોગે સિદ્ધ પરમાત્માને પ્રાપ્ત થયેલા આઠ ગુણો અને તેથી નિરન્તર થતો આત્મલાભ.

( સંગ્રહીત. મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ. )

૧ **અનંતજ્ઞાન**—જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થવાથી, આ ગુણ પ્રાપ્ત થાય છે. આથી લોકાલોકના સ્વરૂપને સમસ્ત પ્રકારે જાણે છે.

૨. **અનંત દર્શન**—દર્શનાવરણીય કર્મનો ક્ષય થવાથી, આ ગુણ પ્રાપ્ત થાય છે. આથી લોકાલોકના સ્વરૂપને સમસ્ત પ્રકારે દેખે છે.

૩. **અવ્યાબાધ સુખ**—વેદનીય કર્મનો ક્ષય થવાથી, સર્વ પ્રકારની પીડારહિત-નિરૂપાધિકપણું પ્રાપ્ત થાય છે.

૪. **અનંત ચારિત્ર**—મોહનીય કર્મનો ક્ષય થવાથી, આ ગુણ પ્રાપ્ત થાય છે. આમાં ક્ષાયિક સમ્યક્ત્વ અને યથાખ્યાત ચારિત્રનો સમાવેશ થાય છે. આથી સિદ્ધ ભગવાન સ્વસ્વભાવમાં સદા અવસ્થિત રહે છે તેજ ત્યાં ચારિત્ર છે.

૫. **અક્ષય સ્થિતિ**—આયુઃકર્મનો ક્ષય થવાથી, નાશ નહિ થાય એવી અનંત સ્થિતિ પ્રાપ્ત થાય છે. સિદ્ધની સ્થિતિની આદિ છે પણ અંત નથી તેથી સાદિ અનંત કહેવાય છે.

૬. **અરૂપીપણું**—નામકર્મનો ક્ષય થવાથી, વર્ણ ગંધ રસ અને સ્પર્શરહિતપણું થાય છે. કેમકે શરીર હોય તો,એ ગુણો રહે છે પણ સિદ્ધને શરીર નથી તેથી અરૂપીપણું પ્રાપ્ત થાય છે.

૭. **અગુરૂલઘુ**—ગોત્રકર્મનો ક્ષય થવાથી આ ગુણ પ્રાપ્ત થાય છે, તેથી ભારે, હળવો અથવા ઉચ્ચનીચપણાનો વ્યવહાર રહેતો નથી.

૮. **અનંત વીર્ય**—અંતરાય કર્મનો ક્ષય થવાથી અનંત દાન, અનંત લાભ, અનંત ભોગ, અનંત ઉપભોગ અને અનંત વીર્ય-શક્તિ પ્રાપ્ત થાય છે.

**ઇતિશમ્.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન પ્રકરણ સંબંધી ચર્ચાપત્ર.

હાલમાં મુંબઇ શહેરમાં જૈન સમાજનું વાતાવરણ કલુષિત થયું છે, તેના છાંટા અનેક શહેરમાં પણ ઉડયા છે, આ બધાનું કારણ મુનિ રામવિજયજીનું મુંબઇનું ચાતુર્માસ નિમિત્ત બન્યું છે. મુંબઇમાં ઘણા ઘણા મુનિરાજોના ભૂતકાળમાં ચાતુર્માસ થયા હતા; છતાં અત્યારની જેવી ભયંકર સ્થિતિ મુંબઇ જૈન સમાજની કોઇવાર થઇ નહોતી, તેનું કારણ મુનિ રામવિજયજીનો અશાંતિકર, અયોગ્ય દિક્ષાપ્રવૃત્તિ માટેનો ઉપદેશ તથા અભક્ષ્ય વસ્તુનો જૈનો ઉપયોગ કરે છે, પટ્ટધર કોણ ? વગેરે બાબતોનો અવિચારીપણે અપાતા વ્યાખ્યાન તથા નનામાઓને કલ્પીત નામ સહિત તેના ભકતો તરફથી નીકળતા ગલીચ હેન્ડબીલો છે. આવી રીતે પોતાની હૃદયજ્વાળા એક મહાપુરૂષ, શાંતમૂર્ત્તિ, સમયજ્ઞ, ચારિત્રપાત્ર, સૂરીવર શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ ઉપર ઠલવી, તેમને સમાજમાં હલકા પાડવાનો પ્રયત્ન સેવાઇ રહ્યો છે. જેથી હિંદના જૈન સમાજનું અંતર વલોવાઇ રહ્યું છે. તેવા સંયોગોમાં તેમનો ભૂતકાલીન ઇતિહાસ કંઇક રજુ કરી વર્તમાન કાલીન મુનિ રામવિજયજીની તે તમામ અયોગ્ય પ્રવૃત્તિ ઉપર વિચારો બતાવવાને સમયાનુસાર ફરજ હોવાથી કંઇ લખવા દોરાઉં છું.

## આગલો ઇતિહાસ અને શરૂઆતથી જ ઇર્ષ્યાઃ—

આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિ ઉપર મુનિ રામવિજયજીના દાદા ગુરૂ શ્રી વિજયદાનસૂરિજીની ઇર્ષ્યા આજ કાલની નથી. શ્રીવિજયવલ્લભસૂરિ દિક્ષાએ મ્હોટા અને પ્રાતઃ સ્મરણીય આત્મારામજી મહારાજની હૈયાતિ સુધી તેમના ઉપરનો તેઓશ્રીનો અપૂર્વ પ્રેમ, તેઓશ્રીના સ્વર્ગવાસ પછી એ સમુદાયમાં આચાર્ય પદવી કોને આપવી તેની નિમંત્રણામાં આચાર્યશ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજ અને આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના નામો તે વખતે તે સમુદાયના પરિવારે જણાવેલા, જેમાં આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજીએ તદન ના કહ્યાથી શ્રી વિજયકમલસૂરિને આચાર્ય પદવી અપાણી. તે પછી નભાના રાજાના પ્રમુખસ્થાને મૂહૂપત્તિની ચર્ચાના કેસમાં શ્રી સ્થાનકવાસીઓ સાથે શાસ્ત્રવાદમાં આચાર્યશ્રી વલ્લભવિજયજી મહારાજે વાદી તરીકે શાસ્ત્રાધારે બજાવેલ કાર્ય વગેરેથી તેઓશ્રીની વધતી જતી ખ્યાતિ, અને છેવટે સં. ૧૯૬૮ના જેઠ માસમાં તે સમુદાયના મુનિ મંડળના વડોદરા સંમેલનમાં આચાર્ય મહારાજશ્રી વિજયકમલસૂરિના પ્રમુખ સ્થાનથી આપેલ ભાષણમાં તેઓશ્રીએ કરેલી આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજીની પ્રશંસા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( જુઓ જૈન પત્ર પુ. ૨૭ અંક ૩૪ ) તેમજ આ સંમેલન અને તેની કાર્યવાહીથી આખા હિંદમાં આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજીના વધતા જતા યશથી, શ્રી વિજયદાનસૂરિજીના હૃદયમાં તેઓશ્રી પ્રત્યે ઇર્ષ્યા વધતી ગઇ. અત્યારસુધી શ્રી રામવિજયજીનો જન્મ નહોતો, હવે તે સંમેલન પછી શ્રી રામવિજયજીનો જન્મ તત્કાળ થાય છે અને જેમ સંસારમાં ગૃહસ્થી પોતાના પિતાનો વારસો લે છે તેમજ શ્રી દાનસૂરિજીનો તે ઇર્ષ્યાનો વારસો પોતાના પ્રશિષ્ય શ્રી રામવિજયજીને અત્યારથી (ત્યારથીજ ) આપવો શરૂ કર્યો, અને તેમણે લીધો.

## ઇર્ષ્યાની વૃદ્ધિના બે નિમિત્તભૂત પ્રસંગો:—

૧—દશ વર્ષ પહેલાં આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિ કે જેઓ તે વખતે મુનિરાજ શ્રી વલ્લભવિજયજી ( કહેવાતા ) હતા તેઓશ્રી મુંબઇમાં પધાર્યા. પંજાબથી ફરતાં ફરતાં આખો દેશ તપાસતાં જૈન સમાજને હાલના સમયે બંને પ્રકારની કેળવણીની વૃદ્ધિ અને સહાયક સંસ્થાઓ—સ્થળે સ્થળે જોઇએ છીએ તમ તે સમયજ્ઞે જાણ્યું અને પોતાનો ઉપદેશ તેના માટે મુખ્ય કરી મુંબઇમાં શ્રી મહાવીર વિદ્યાલયનો જન્મ તેઓશ્રીના ઉપદેશથી થયો. એટલે હિંદમાં જૈન સમાજ માટે જરૂરીઆત વાળી વસ્તુનું બીજ ત્યાં મુખ્યપણે રોપાયું. આ વિદ્યાલયની વૃદ્ધિ સાથે આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજીની કીર્તિમાં વૃદ્ધિ થતી ચાલી અને તેથી શ્રી વિજયદાનસૂરિ અને શ્રી રામવિજયજીથી તે સહન ન થયું. વળી તેમની સાથે પણ તેવાજ કારણે આ સમુદાયના શ્રી વિજયકમળસૂરિના શિષ્ય હાલના શ્રી લબ્ધિસૂરિ ગુપ્તપણે સામેલ જ હતા. અને આગલી સાલ મુંબઇમાં જ ચોમાસું રહેલ પં. ખાન્તિવિજયજી જેવા આ સમુદાયની આગલી પાછલી સ્થિતિ નહિં જાણનાર સાધુને તેઓ ત્રણે મુનિરાજોએ અંદર સંડોવી હથીઆર બનાવી શ્રી મહાવીર વિદ્યાલયની પ્રગતિનો રોધ કરવા દેડકાં પ્રકરણ ઉભું કરી શ્રી મહાવીર વિદ્યાલયને સમાજની દૃષ્ટિમાં હલકી પાડવા અને આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિની ઉપર ઇર્ષ્યાને લઇને તે નિમિત્તે તેમને પણ સાથે સંડોવી તેમની કીર્ત્તિ ઓછી કરવાના અને તે સંસ્થા હિંસાને પોષનારી તેનો જન્મ આપનાર પણ હિંસાનાં પોષક છે વગેરે તેવા અનેક અયોગ્ય પ્રયત્નો સેવાણા છતાં, શ્રી મહાવીર વિદ્યાલયને તે જ અરસામાં એક લાખ રૂપૈયા અમદાવાદથી મળ્યા, તેથી તેના પાયા સુદૃઢ થયા એટલે કે કેળવણી તેમજ શ્રી વિજયવલ્લભસૂરિ પ્રત્યે ઇર્ષ્યામાં વધારો થયો. અને તે પ્રકરણ ચાલુ હતું પણ તેમાં ન ફાવ્યા. હવે ઠેઠ મુંબઇ જઇને શ્રી મહાવીર વિદ્યાલયને ઉખેડવા અને કેળવણીને નિંદવાના મનોરથ ઘડાયા અને આચાર્ય વિજયવલ્લભસૂરિજીની કીર્તિનો કોટ મહાવીર વિદ્યાલયને ઉતારી પાડવા તેમનું ચાતુર્માસ નક્કી થયું અને તે માટે મુંબઇ તરફ વિહાર કર્યો. દરમ્યાન પાટણમાં બિરાજમાન આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિ સુરત પાસે કરચલીયા ગામમાં ત્યાંના શ્રી સંઘની વિનંતિથી પ્રતિષ્ઠા કરવા પધારેલા, ત્યાં શ્રી વિજયદાનસૂરિજી અને મુનિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રામવિજયજી વગેરે મુંબઇ આવતા હોવાથી મુંબઇમાં મહાવીર વિદ્યાલય વિરૂદ્ધ પોતાના વાક્ચાતુર્ય અને વાણીવિલાસથી ઉપદેશ આપતાં રખે જૈન સમાજને તે સંસ્થાવિરૂદ્ધ ઉશ્કેરી ન મૂકે તેમજ તેના ઉપર અભાવ ન કરી દે ( કારણ કે આજે મુગ્ધ–બાળજીવો પોતાનામાં વિચાર કરવાની શકિતના અભાવે તેવા મુનિરાજની વાણી ઉપર ઉભેલા હોય છે ) તેથી, તેમજ જૈન સમાજની ડગમગતી અધઃપતન થતી જતી સ્થિતિમાં કેળવણીનું સ્થાન શ્રી મહાવીર વિદ્યાલય જાળવી રાખવા, તેની ઉન્નતિ થવા, બીજી કોમો જ્યારે આગળ વધે છે તો તેની જોડમાં જૈન સમાજને ઉભી રાખવા અને આત્માનંદ જૈન કોલેજ કરી આ વિદ્યાલયને સાથે ભેળવી દેવાના વિચારો મુંબઇના જૈન કોમના અગ્રેસરો, ધનાઢયો અને કેળવાયેલો વર્ગ કરતો હતો, અને તે દરમ્યાન આ સમયજ્ઞ, શાંતમૂર્તિ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ નજીકમાં પધારેલા હોવાથી મુંબઇ ચાતુર્માસ કરે અને ઉપરોકત ધારણાઓ પાર પડે તે હેતુથી મુંબઇના શ્રી સંઘનું ( આગેવાનોનું ) એક ડેપ્યુટેશન તેઓશ્રી પાસે વિનંતિ કરવા ગયું અને સર્વ હકિકત નિવેદન કરી, આગ્રહપૂર્વક વિનંતિ કરી, વસ્તુસ્થિતિ જણાવી જેથી આચાર્યશ્રીજી તો શ્રી વરકાણા પાર્શ્વનાથ વિદ્યાલય, શ્રી પંજાબ જૈન ગુરૂકુળ આ વિદ્યાલય તેવા કેળવણી સ્થાનો માટેજ ઉપદેશ આપી સમયધર્મ સમજાવી જૈન સમાજના ભવિષ્યના ઉદયના સાધનોના જન્મ અપાવી રહ્યા હતા, તેથી મુંબઇના શ્રીસંઘના આગેવાનોની અતિ આગ્રહપૂર્વક વિનંતિ સ્વીકારી વિહાર કર્યો, તેની ખબર પડતાં અને પ્રથમથી જ શ્રી વિજયદાનસૂરિ અને મુનિ રામવિજયજી રસ્તામાં અનેક સ્થળે પોતાની મહાવીર વિદ્યાલય ઉપરની અને શ્રી વિજયવલ્લભસૂરિ ઉપરની ઇર્ષ્યાના શસ્ત્રો ફેંકતા ફેંકતા પ્રથમ મુંબઇ પહોંચ્યા, ત્યારબાદ થોડાક દિવસ પછી આચાર્ય મહારાજ શ્રીવિજયવલ્લભસૂરિ મુંબઇ પધાર્યા અને મુંબઇની જૈન પ્રજાએ અપૂર્વ સત્કાર કર્યો. ત્યારબાદ મુંબઈમાં મુનિ રામવિજયજીએ ઉપદેશ અને તેના ભકતોએ વાણીદ્વારા, વીરશાસન પેપરદ્વારા અને હેન્ડબીલદ્વારા પોતાને મુનિપણાને ન છાજે તેવું અને તેના ભકતોને પણ જૈન તરીકે ન છાજે તેવું વર્તન ચલાવવું શરૂ કર્યું, પરંતુ પોતાને જે મહાવીર વિદ્યાલય વિરૂદ્ધ કાર્ય કરવું હતું અને આચાર્યશ્રીની ધૂળ ઉડાડવી હતી તેને બદલે પોતાની શી દશા કુદરતે કરી તેમાંની બે ચાર વસ્તુ આટલી પ્રસ્તાવના કર્યા પછી હવે આપું છું.

## ઇર્ષ્યાવૃદ્ધિનું બીજું નિમિત્ત આચાર્ય પદવી પ્રદાનો.

સં૦ ૧૯૮૦ ના ચાતુર્માસમાં શ્રી વિજયકમળસૂરિશ્વરજી મહારાજ પોતાના શિષ્ય વ્યા૦ વા૦ શ્રી લબ્ધિવિજયજી (હાલના શ્રી વિજયલબ્ધિસૂરિ) વગેરે સમુદાય તેમજ પં.દાનવિજયજી હાલના (શ્રી વિજયદાનસૂરિ) મુનિ રામવિજયજી વગેરે સાથે છાણી ગામમાં ચાતુર્માસ બિરાજમાન હતા, તે વખતે વ્યા૦ વા૦ શ્રી લબ્ધિવિજયજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને પં. દાનવિજયજીનું દબાણ ઘણા વખતથી આ ભોળા હૃદયના મહાપુરૂષ શ્રી વિજયકમળસૂરિશ્વરજી મહારાજ ઉપર હતું, અને તેમની ઇતરાજી તેજ સમુદાયના શ્રી વિજયવલ્લભસૂરિ અને પ્રવર્તકજી મહારાજ કાન્તિવિજયજી ઉપર ઘણા વખતથી પ્રસંગો મેળવી કરાવી હતી અને દિવસાનુદિવસ વિષ રેડતા જતા હતા જેથી તેઓની વચ્ચેનો એખલાસ તોડાવ્યો હતો. અગાઉ સમાધાનીના પ્રસંગો ખંભાત વગેરે સ્થળોના ચોમાસા પ્રસંગોએ આ બન્ને મુનિ મહારાજાઓ એ નમૃતાપૂર્વક ગૃહસ્થો મોકલી કરાવવા પ્રયત્નો પણ કર્યા હતા છતાં એ વિજયલબ્ધિસૂરિ અને વિજયદાનસૂરિએ તે થવાજ ન દીધા તેનું કારણ તે બન્ને મુનિ ઓને પોતાને છુપી રીતે આચાર્ય પદવી લેવી હતી અને શ્રી વિજયવલ્લભસૂરિજીને મુનિ તરીકે તેઓથી નીચી કોટીએ રાખવા હતા આ એક કપટ ઘટના ખેલાતી હતી. છાણીમાં આ પ્રસંગ મેળવ્યો, ભોળા અને સરલ હૃદયના વિજયકમળસૂરિજીને સમજાવી તેમના ઉપર દબાણ ચલાવી બન્નેએ (શ્રી દાનસૂરિ અને શ્રી લબ્ધિસૂરિએ) આચાર્ય પદવી લેવાનું ખાનગીમાં નક્કી કર્યું. તે અરસામાં થોડાક દિવસ પછી આ ઘટના ખુલ્લી પડી અને તે સમુદાયના શાંતમૂર્તિ શ્રી હંસવિજયજી મહારાજ કે જે શ્રી વિજયકમળસૂરિજીના ગુરૂભાઈ છે તેઓશ્રી અમદાવાદમાં બિરાજમાન હતા તેમને એકાએક ખબર પડી. સમુદાયના મુખ્ય મુખ્ય સાધુઓ પ્રવર્તકજી મહારાજ કાન્તિવિજયજી, સુમતિવિજયજી મહારાજ, હંસવિજયજી મહારાજ, શ્રી સંપતવિજયજી પંન્યાસ, શ્રી વલ્લભવિજયજી મહારાજ વગેરે અને બીજા સમુદાયના સાધુને જણાવ્યા વગર આચાર્ય પદવી આપે તો સમુદાયના સાધુઓની આચાર્યશ્રી વિજયકમળસુરિજી ઉપર ઇતરાજી થાય (કારણ કે પ્રાતઃ સ્મરણીય આત્મારામજી મહારાજનો સ્વર્ગવાસ થયા પછી આચાર્ય પદવી કોને આપવી તે માટે તે સમુદાયના દરેક મુનિઓના પત્રદ્વારા અભિપ્રાય માંગવામાં આવ્યા હતા, જેમાં મુનિશ્રી કમળવિજયજી મહારાજ અને મુનિશ્રી વલ્લભવિજયજી મહારાજના નામના ઘણા અભિપ્રાય આચાર્ય પદવી માટે આવ્યા હતા અને જ્યારે ખુદ કમળવિજયજી મહારાજે મુનિશ્રી વલ્લભવિજયજીનું નામ તે વખતે આપેલું અને તેમણે ના કહી ત્યારેજ શ્રી કમળવિજયજી મહારાજને આચાર્ય પદવી આપી શ્રી આત્મારામજી મહારાજની પાટે સ્થાપી પટ્ટધર બનાવ્યા હતા.) આવો આ સમુદાયમાં ક્રમ–રિવાજ હતો અને સાધારણ રીતે સમુદાયના મુનિઓને પુછાવવું પણ જોઇએ, નહિ તો અંદર અંદર કુસંપ અને મનદુઃખ થાય) જેથી તેઓશ્રીએ શ્રી વિજયકમળસૂરિશ્વરજીના ઉપર સમુદાયની ઇતરાજી ન થાય, સમુદાયમાં કુસંપ ન થાય તેમજ અત્યારે નવા આચાર્યની પણ જરૂર નહોતી, અને કદાચ તેમ જણાય તો તમામ સાધુઓનો અભિપ્રાય લેવો જોઇએ અથવા પ્રથમ મુજબ તેમજ પ્રાતઃ સ્મરણીય આત્મારામજી મહારાજની છેલ્લી વખતની ઇચ્છા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ મુનિશ્રી વલ્લભવિજયજીને આપવાની હતી, તેઓશ્રી સમયજ્ઞ, બાળ બ્રહ્મચારી શાંત, વાદી તરીકે કાર્ય કરનાર અને આચાય પદવી લાયક હોવાથી તેમને પ્રથમ આપવી જોઇએ તેવો વિચાર આવતાં દીર્ઘદૃષ્ટિ વાપરી, તેવી મતલબનો પત્રઆચાર્ય વિજયકમળસૂરિશ્વરજીને મુનિરાજશ્રી હંસવિજયજી મહારાજે લખ્યો, બીજા મુનિ શ્રીઓને પણ પાઠવ્યા ( પણ તે મહાપુરૂષ તો પોતાની પાસેના નવા થનારા આચાર્યના દબાયેલા હતા તેથી જવાબ ન આપ્યો ). અને સમુદાયના બીજા મુનિ ઓને ખબર પણ ન આપ્યા અને ખાનગી તે મંત્રણા શરૂ રાખી. હવે સમુદાયના અન્ય ઘણા મુનિરાજો અને મુખ્ય મુખ્ય મુનિઓનો તો ખાસ એવો અભિપ્રાય થયો કે સૂરિજી મહારાજને તેમ કરતાં નમ્રતાપૂર્વક અટકાવવા, અથવા ન અટકે તો મુનિરાજશ્રી વલ્લભવિજયજી મહારાજને આચાર્ય પદવી આપવા માટે શ્રી પંજાબના જૈન સંઘને લખી મોકલવું અને તે માટે આગ્રહ કરવો. આપણે સર્વેએ સંમત્તિ આપવી; કારણ કે સ્વર્ગવાસી ગુરૂરાજની ઇચ્છા અને અત્યારે લાયકાત પણ તેમની જ છે. અહિં તો શ્રી લબ્ધિવિજયજી મ. તથા શ્રી દાનવિજયજી મહારાજ-ને આચાર્ય થવું હતું, સૂરિજી મહારાજને સમુદાયમાં કુસંપની વૃદ્ધિ થવા માટે નિમિત્ત બનાવવા હતા, જેથી અટક્યા નહિં; તેથી સૂરિજી સાથે તે વખતે છાણીમાં બિરાજતા તેમનાજ શિષ્ય મુનિ હિંમતવિજયજી, મુનિ ઉત્તમવિજયજી, અને મુનિ નેમવિજયજી વગેરે આ અપાતી આચાર્યપદવી માટે રૂબરૂમાં સખ્ત નાપસંદગી બતાવવા અસહકાર કરી, આચાર્યને છાણીમાં છોડી વિહાર કરી ગયા. આટલી હકીકત અને વિરોધ છતાં, આખો સમુદાય વિરૂદ્ધ છતાં, છાણીના સંઘમાં મત-ભેદ, વડોદરાનો સંઘ વિરૂદ્ધ છતાં, તે હિલચાલ શરૂજ રાખી. જેથી બાકીનો આખો સમુદાય મંડળ અને મુંબઇ, વડોદરા, પાટણ અને ભાવનગર વગેરે અનેક શહે-રોના અગ્રેસરો, સંઘો તરફથી પંજાબ શ્રી સંઘને મુનિરાજશ્રી વલ્લભવિજયજી મહારાજને શ્રી આત્મારામજી મહારાજની તથા શિષ્ય સમુદાયની ઇચ્છા મુજબ પટ્ટધર બનાવવા, આચાર્ય પદવી આપવા, અનેક પત્રો, તારો છુટ્યા, જેથી પંજાબના શ્રી સંઘે મહારાજને આગ્રહપૂર્વક આચાર્યપદવી આપવા વિનંતિ કરી અને ત્યાંના સંઘ અને બીજા શહેરોના સંઘ અગ્રેસરો વગેરેનો એક સરખો આગ્રહ થતાં સ્વી-કારવા હા કહેતાં સં. ૧૯૮૧ ના માગશર શુદ ૫ ના રોજ મુનિરાજ શ્રી વલ્લભ-વિજયજી મહારાજને શ્રી વિજયાનંદસૂરિજી મહારાજની પાટ ઉપર પટ્ટધર તરીકે સ્થાપન કરવામાં આવ્યા અને તેજ દિવસે તે ટાઈમ પછી દોઢ કલાક પછી વ્યા૦ વા૦ શ્રી લબ્ધિવિજયજી અને પં૦ દાનવિજયજીને આચાર્યપદવી છાણીમાં સમુદાયના મોટા ભાગનો વિરોધ છતાં આપવામાં આવી એટલે ત્યાં પણ પોતે ધારેલ ધારણા પાર ન પડી, અને મોટા તે મોટા કુદરતના નિયમ પ્રમાણે રહ્યા અને થયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુનિ શ્રી વલ્લભવિજયજી મહારાજ જેમ દીક્ષાપર્યાયે તેમ આચાર્યપદવીએ પણ મોટા થયા અને શ્રી આત્મારામજી મહારાજના પટ્ટધર પણ તેજ થયા અને ઉપરોકત બંને સૂરિજી શ્રી કમળસૂરિશ્વરજીના પટ્ટધર થયા, તે પોતાની ગુપ્ત મંત્રણામાં ન ફાવતાં કુદરતે જુદું કામ કર્યું. તેથી શ્રી વિજયલબ્ધિસૂરિજી અને શ્રી વિજયદાનસૂરિજીની આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિ ઉપરની ઇર્ષ્યાની વૃદ્ધિ થઇ. હવે તે શ્રી વિજયદાનસૂરિ અને તેનો વારસો લેનાર મુનિ રામવિજયજી વધારેને વધારે પ્રસંગો શ્રી વિજયવલ્લભસૂરિજીને વગોવવાના, નિંદવાના, દિવસાનુ દિવસ સેવવા માંડયા અને શ્રી લબ્ધિસૂરિ પણ તેના જાહેર અને ગુપ્તપણે સહાયક થવા લાગ્યા અને શ્રી વિજયદાનસૂરિ અને મુનિ રામવિજયજીના અમદાવાદ, ખંભાત, સુરતના ચોમાસામાં પણ શ્રી વિજયવલ્લભસૂરિની આચાર્યપદવી માટે અને મહાવીર વિદ્યાલયને ઉખેડવા માટે પોતાના વ્યાખ્યાનોમાં પ્રસંગે પ્રસંગે અને શ્રી વીરશાસન પત્રમાં રામવિજયજીએ લેખો લખી લખાવી કલ્પીત નામે આવી અનેક વખત પ્રયત્નો સેવ્યા, પરંતુ ઉપર પ્રમાણે મહાવીર વિદ્યાલયના તો પાયા મજબુતજ થવા માંડયા. ઉપરોકત હકીકત ઉપરથી પટ્ટધરનો પ્રશ્ન જે મુનિ રામવિજયજી ઉપાડેલો છે કે પટ્ટધર કોણ ? તેનો ઉપરની હકીકત ઉપરથી ઉકેલ થઇ જાય છે.

શ્રી મહાવીર વિદ્યાલયની કોઇપણ કાર્યવાહી પ્રવૃત્તિ અયોગ્ય, અપૂર્ણ હોય તો તે માટે તેની કમીટી જવાબદાર છે, અને શ્રી રામવિજયજીને જરૂર હતી તો તેની કમીટી કે જવાબદાર વ્યકિતને બોલાવી નિખાલસ દીલે ચર્ચા કરી સુધારો વધારો ફેરફાર કરાવવાની જરૂર હતી, પરંતુ જે સંસ્થામાં આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજીનો કોઇ જાતનો હાથ નથી, સંબંધ નથી, કોઇ ભલામણ નથી, તે સંજોગોમાં હિંસાની સંસ્થાના પોષક કહી તેઓશ્રીને વગોવવા નિંદવા તે મુનિ રામવિજયજી વગેરેનું નિંદનીય કૃત્ય નહિં તો બીજું શું હતું ? તેમને તો આચાર્ય વિજયવલ્લભસૂરિને ઉતારી પાડવા હતા ! અને તેમના ઉપદેશથી સ્થપાયેલ તેઓશ્રીની કિર્તિના કિલ્લારૂપી આવી કેળવણીની સંસ્થાને તોડી પાડવાના પ્રયત્ન સિવાય મુનિ રામવિજયજીને બીજું કશું હૃદયમાં નહોતું. મુનિશ્રી રામવિજયજી મુંબઇથી જ્યારે દૂર હતા ત્યારે તેઓ તેના માટે અયોગ્ય વ્યાખ્યાન આપતા, લેખો લખતાં કાંઇપણ ન વળ્યું, ધારણા સફળ ન થઇ ત્યારે તળ મુંબઇમાં જઇ વાણીવિલાસથી ઉપદેશ દ્વારા મહાવીર વિદ્યાલય ઉપર મુંબઇની જૈન પ્રજાનો અભાવ કરાવવો અને આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિશ્વરજીને નિંદવા અને તેઓશ્રીના વધતા જતા યશને તોડી પાડી જૈન સમાજ ઉપર ઉપકાર કરતાં બંધ કરવા માટે તેઓનું મુંબઇ આવાગમન થયું, પરંતુ તેમની તે ધારણા ત્યાં સફળ થાય તે પહેલાં હૃદયમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇર્ષા જ હોવાથી પ્રથમ જામનગરમાં દીક્ષા પ્રકરણનો બોંબ મુંબઇમાં છુટયો અને ત્યાં ખળભળાટ કરાવનારી દીક્ષા પ્રવૃત્તિ માટે તેમની કાર્યવાહી શરૂ થઇ.

દારૂ ઇંડાના પ્રકરણનું વ્યાખ્યાન વાણી વિલાસ શરૂ થયો. છેવટે મર્યાદા મુકી પોતાના રાગી ભકતો અને અજ્ઞ લોકોને ઉશ્કેરી તેમની પાસે ગલીચ હેન્ડ-બીલો શ્રી વિજયવલ્લભસુરિશ્વરજીને નિંદવા, ગાલી પ્રદાન કરવાના કઢાવી આખી મુંબઇની જૈન સમાજને કલેશમય કરી ખળભળાવી મુકી, જેથી પોતાની મૂળ ધારણા ભૂલાઇ. હવે મુનિ રામવિજયજીની અમે હાલની અયોગ્ય દીક્ષા પ્રવૃત્તિ માટે કાંઇક જણાવીયે. દીક્ષા આપવાની પ્રવૃત્તિ ઉત્તમોત્તમ હોવાથી તે માટે કોઇ વિરૂદ્ધ હોઇ શકેજ નહિં, પરંતુ દેશકાળનો વિચાર કરી તેમાં સુધારણાનો કેટલો અવકાશ છે તેજ જોવું જોઇએ. શ્રી રામવિજયજીએ અત્યારે દિક્ષાના પ્રખર હિમાયતી થઇ યોગ્યા યોગ્યનો વિચાર કર્યા વગર જે આવે તેને દેશકાળ વિરૂદ્ધ, કાચી વયે વગર અભ્યાસે અને અનુભવે દીક્ષા આપવાનું ધમધોકાર કાર્ય શરૂ કર્યું છે, જેને લઇને જ્યાં ત્યાં શોરબકોર, કલેશ, મારામારી, કોર્ટે ચડવાના પ્રસંગો ઉપસ્થિત થઇ રહ્યા છે, તેટલુંજ નહિં પરંતુ તેને લઇને શ્રી રામવિજયજી ખુદને પણ કોર્ટે જવાના પ્રસંગો અને તેમને તથા તેમની સાથેના સાધુઓને માર પડયાના પ્રસંગો પણ સમાજની જાણમાં આવ્યા છે, જેથી આના સંબંધમાં ઘણીજ અવ્યવસ્થિત સ્થિતિ ચાલુ થઇ છે. આવા કલેશમય પ્રસંગે દરેક મનુષ્યે પોતાના આ માટે વિચારો બતાવવા તે આવશ્યક છે. દીક્ષા જેવા પવિત્ર કાર્ય માટે શામાટે ધાંધલ ધમાલ, તોફાન, કલેશ મારામારી કોર્ટે ચડવું વગેરે હોવું જોઇએ જૈન શાસ્ત્રોમાં ઓછા માં ઓછી વય દીક્ષા લેવાની આઠ વર્ષની અનેક સ્થળે જણાવેલ છે એ બરાબર છે. અને સાથે નવ વર્ષ પહેલાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી તેમજ પાંચમા આરાને છેડે વીશ વર્ષનું આયુષ્ય હોય છે તેને લઇનેજ શાસ્ત્રાજ્ઞા પણ આઠ વર્ષથી ઓછી વયે દીક્ષા અપાતી નથી તેવી છે, તેમજ આઠ વર્ષ પહેલાં છઠું સાતમું ગુણ સ્થાન પણ તે મનુષ્યને ફરસતુંજ નથી. માટે છેલ્લામાં છેલ્લી હદ અને ઓછામાં ઓછી વય તે બતાવી છે. તેટલા ઉપરથીજ બધાને આઠ વર્ષની વયેજ દિક્ષા અપાય તેમ શીરીતે બને ? કારણ કે પૂર્વકૃત અસાધારણ ક્ષયોપશમ કોઇકજ મનુષ્યને આઠ નવ વર્ષે દીક્ષા ગૃહણ કરવા માટે હોય છે; વળી ભૂતકાળમાંના તેવા દ્દષ્ટાંતો જે છે તે તેવી લઘુવયના બાળકના સામુદ્રિક શાસ્ત્રાધારે શારિરિક ચિન્હો લક્ષણો જોઇ અથવા તે વખતના મહાન આચાર્યો દેવસાધિત હોઇ, તેમજ પોતાના જ્ઞાન બળે તેવા કોઇ તેટલી વયના અસાધારણ પુરૂષને જોઇ દીક્ષા આપી હોય તો આ કાળમાં તેવા અસાધારણ ક્ષયોપશમવાળા બાળ મનુષ્ય, તેમજ તેનું જ્ઞાન તેમજ દેશકાળનું યથાસ્થિત જ્ઞાન ધરાવનાર કે દેવસાધિત સુરિવરો પણ દેખાતા નથી કે તે અપવાદવાળી પ્રણાલીકા બધે સ્થળે અને બધા મનુષ્ય માટે આ કાળમાં ચલાવી શકાય !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળી આવી પવિત્ર દીક્ષા આપતી વખતે તે વ્યકિતઓને ભગાડવા, સંતાડવા, કેદ કરી રાખવા અને તેથી અનેક કલેશો મારામારી કોર્ટે ચડવાના પ્રસંગો ઉભા કરવા તે પણ અયોગ્ય છે તે સમાજ અનુભવી શકી છે જેથી શ્રી દાનસૂરિ અને તેના શિષ્ય રામવિજયજીની આ પ્રવૃત્તિ તો તદ્દન અવિચારી કલેશ કરાવનારી છે, એમ જૈન સમાજ હવે માને છે. વળી આવી પ્રવૃતિ નહીં ચલાવવા માટે પૂજ્ય શ્રી આત્મારામજી મહારાજના શિષ્ય પરિવાર મંડળનું સંમેલન વડોદરા મુકામે સં. ૧૯૬૮ ના જેઠ માસમાં મળ્યું ત્યારે સમગ્ર મુનિમંડળે જે ઠરાવો કર્યા છે, તેમાં વીશમો તથા ત્રેવીશમો ઠરાવ જે છે તેની રૂઇએ પણ શ્રી વિજયદાનસૂરિ, મુનિ રામવિજયજીને બંધન કરતા હોવાથી પણ તેમની તે પ્રવૃતિ અયોગ્ય કહી શકાય. તે ઠરાવો નીચે પ્રમાણે છે.

**ઠરાવ વીસમો—જેને દીક્ષા આપવી હોય તેની ઓછામાં ઓછી એક મહિનાની મુદત સુધી યથાશક્તિ પરીક્ષા કરી તેના સંબંધી માતા, પિતા, ભાઇ, સ્ત્રી, વગેરેને રજીસ્ટર કાગળથી ખબર આપવાનો રિવાજ આપણા સાધુએ રાખવો, તેમજ દીક્ષા નિમિત્તે આપણી પાસે જે વખતે આવે તેજ વખતે તેના સંબંધીને રજીસ્ટર કાગળથી તેની પાસે ખબર આપવાનો ઉપયોગ રાખવો.**

**ઠરાવ ૨૩ મો.—આજકાલ કેટલાક સાધુ શિષ્ય કરવા દેશકાળ વિરૂદ્ધ વર્તન ચલાવે છે જેથી શાસનની હિલના થવાના અનેક પ્રસંગો પ્રાપ્ત થાય છે તેમજ મુનિઓને કોઈ કોઇ વખત અનેક મુશ્કેલીઓમાં ઉતરવું પડે છે. જેથી આ સંમેલન આવી રીતે દીક્ષા આપી શિષ્યો કરવાની પદ્ધતિને તેમજ તેવી રીતે દીક્ષા લેનાર તથા આપનાર અપાવનાર માટે અત્યંત નાપસંદગી જાહેર કરે છે. અને ઠરાવે છે કે આપણા સમુદાયના સાધુઓ પૈકી કોઇએ પણ આવી ખટપટમાં ઉતરવું નહિં. અને જે મુનિ આવી ખટપટમાં પડશે તેને માટે આચાર્યજી મહારાજ સખ્ત વિચાર કરશે.** ” આ અને બીજા તમામ ઠરાવો નીચે શ્રી વિજયદાનસૂરિ અને તેના શિષ્ય શ્રી પ્રેમવિજયજીની સહી છે. જેથી તે બંધાયેલ છે. ( જો કે રામવિજયજીનો તો તે વખતે જન્મ નહોતો છતાં તેના ગુરૂ દાદાગુરૂની સહી છે એટલે ) અને તેના શિષ્ય મંડળ મુનિરામવિજયજી વગેરે પણ બંધાયેલ છે. એ ઠરાવોને પણ ઠોકરે મારી અત્યારે શ્રી દાનસૂરિ પં. પ્રેમવિજયજી અને મુનિ રામવિજયજી અયોગ્ય દિક્ષા પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે, અને સ્થળે સ્થળે તેનાથી કલેશ, કુસંપ, મારામારીના પ્રસંગો ચાલી રહ્યા છે. એટલે સમુદાયના કાનૂનનો ભંગ અને ખરી રીતે તો શ્રી વિજયકમળસૂરિશ્વરજી કે જેમના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રમુખપણાનીચે આ સંમેલન થયું હતું તેની આજ્ઞાનો પણ છડેચોક આ ગુરૂ, શિષ્ય અને પ્રશિષ્ય ભંગ કરી રહ્યા છે.

અત્યારે તો દેશકાળ એવો વરતી રહ્યો છે કે જેને દિક્ષા આપવી હોય, કે લેવી હોય એટલે જેના હાથમાં શાસનની દોરી મુકવી હોય, તેને માટે અમુક તૈયારી પ્રથમ હોવી જોઇએ. પ્રથમ શાસ્ત્રાભ્યાસ, સાધુનો આચાર ક્રિયા પાળવા માટે અનુભવ કરાવવો જોઇએ–તેનો અનુભવ લેવરાવવો જોઇએ. ભાષાજ્ઞાન માગધી, સંસ્કૃત, વગેરેનું પણ જ્ઞાન આપવું જોઇએ. જ્ઞાન પ્રાપ્ત કરતાં અને અનુભવ કરતાં દરમ્યાન દીક્ષા લેનારનું પ્રગટ અને પરોક્ષ રીતે વર્તન પણ તપાસવું જોઇએ; કારણ કે તે વ્યકિતમાં ત્યાગનો રસ જામવા અને તેના ઉપર પ્રેમ ઉત્પન્ન થવા અમુક સ્થિતિમાંથી પસાર થતાં કસોટીએ ચઢે તોજ તે દીક્ષિત મનુષ્યના હાથમાં, શાસ્ત્રની જવાબદારીવાળી દોરી મુકી શકાય. બાકી તે સિવાયનો વિચાર કર્યા વગર અને ભગાડી, સંતાડી, તોફાનો ઉભા કરી દીક્ષા દેવામાં આવે છે તેથીજ અત્યારે સમાજમાં ઠેર ઠેર કલેશો ઉત્પન્ન થાય છે, તેટલુંજ નહિં પરંતુ હમણાં તાજેતરમાં મુનિ રામવિજયજી પાસેથી તેના શિષ્ય સુગ્રીવવિજયજી જેવી વ્યકિત મુનિ વેષ છોડી ચાલ્યા ગયા છે, જે દષ્ટાંત તેમની દીક્ષા પ્રવૃતિ માટે વિચારવા જેવું છે. એ ખરી હકીકત છતાં તે નહિં સમજી તેનાથી ગભરાઇ મુનિ રામવિજયજીએ એક ભાડુતી વાડીલાલ ઉમેદચંદની સહીથી (ઉઘાડી પડતી પોલ ઢાંકવા સારૂં) રાતોરાત ગલીચ ભાષામાં "કાવત્રાખોરો સુગ્રીવવિજયજીને ઉપાડી ગયા" તેવી હકીકતનું હેન્ડબીલ પ્રગટ કરાવી દોષનો ટોપલો આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિશ્વરજીને માથે લાદવાનો ચોર ઉલટો કોટવાળને દંડે તેવો ધંધો મુંબઇમાં બેઠા કરી રહ્યા છે, જે કોઇપણ વ્યકિત માની શકે જ નહિં. તે એટલું પણ હજી સમજી શકતા નથી કે બીન અનુભવી, સંયમનો રસ–પ્રેમ નહિં જામેલા, શાસ્ત્રજ્ઞાનના અપૂર્ણતા અને ત્યાગમાર્ગની વસ્તુ સમજ્યા સિવાયનાને ભગાડી, સંતાડી કલેશો કરાવી મૂઢ મતીવાળાઓને દીક્ષા આપવા જતાં, આવા સુગ્રીવવિજયજી વેષ છોડી ભાગી ગયા જેવા કેટલાએ પ્રસંગો બનશે તેનું તેઓને હજી સુધી ભાન પણ નથી.

આવી અયોગ્ય દિક્ષાના હિમાયતીઓ અને આપનારા પોતાના મતની પુષ્ટિ કરવા માટે પુરૂષોને બદલે હવે (મુંબઇમાં) જૈન સ્ત્રીઓની મીટીંગ બોલાવી પોતાના મતની હિમાયત કરે છે જે આ એક નવો નમુનો હતો. અને તેમાં કેટલાક ઠરાવો સ્ત્રીઓ અને બાલીકા પાસે પસાર કરાવ્યા હતા. આ મીટીંગનો હેવાલ વાંચનારાઓ જાણી શકયા છે કે તેમાં વિચારની અવ્યવસ્થા અને પોપટીયા જ્ઞાન એટલે કે પઢાવેલું, લખાવેલું, ગોખાવેલું બોલી જવા સિવાય તેમાં કશું હતું નહીં. એક નવ વર્ષની બાળા ભાષણ કરીને જૈન ધર્મની મોટી મોટી વાતો કરી, નવ વર્ષના બાળકની દિક્ષાને ટેકો આપે તે આ સભા કોઇ લાગતા વળગતા અને ધતીંગો ઉભા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરનારાઓની ચાવી ચડાવેલ રમકડું જેમ ચાલે કે બોલે તેવી સ્થિતિ હતી તે તા. ૯-૮-૧૯૨૯ ના હિંદુસ્તાન પેપરમાં આવેલ "સાગરને તીરે સંધ્યાની લહેરોવાળો" લેખ વાંચવાથી માલમ પડે તેમ છે. પોતાના કદાગ્રહ અને અયોગ્ય દીક્ષા પ્રવૃત્તિ માટે કેવી કેવી જાતના પ્રયત્નો, અને પુષ્ટિ માટે સ્ત્રીઓની સભા વગેરે જેવા કેવા અયોગ્ય પ્રસંગો ઉપસ્થિત કરવા પડે છે અને સાથે તે માટે દોરી સંચાર કરી તેવા રમકડા નચાવવા જતાં જૈનધર્મની જૈનેતર દષ્ટિએ કેટલી હીલના કરાવાય છે, તેનું પોતાને કે ધર્મશ્રદ્ધાળુ તેના ભકતોને ભાન નથી, તેટલું જ નહીં પરંતુ જ્યાં પોતાનું તેજ સાચું કરવું છે અને કદાગ્રહ છોડવો નથી, સમાજની દરકાર પણ રાખવી નથી અને પોતાની પ્રવૃત્તિને વધાર્યે જવી હોય, ત્યાં તેમની મેંમારી મગજની ઘટનાના પરિણામો સિવાય બીજું શું હોઇ શકે ?

**દારૂ ઇંડા પુરાણ—**

કોઇપણ મનુષ્યને પ્રચંડ દ્વેષ જ્યારે ઉત્પન્ન થાય છે ત્યારે તેના બે પુત્રો ક્રોધ અને માન તૈયાર થઇ જાય છે. ક્રોધ, ભય, લોભ અને હાસ્ય એ ચાર જ્યારે ઉત્પન્ન થાય ત્યારે, તે મનુષ્યથી અસત્ય પણ બોલી જવાય છે, સાથે માન તો તૈયાર હોય તેથી વાણીનો સંયમ ખોઇ બેસે છે, જેથી પોતે ભાષણમાં અને વાણીમાં યદ્વાતદ્વા ગમે તે બોલી બકી નાંખે છે, ભાષા સમીતિને કોરે મૂકે છે; આવી સ્થિતિ આજે મુંબઇમાં મુનિ રામવિજયજીની થઇ છે અને તેથી જૈનકોમના દુર્ભાગ્યે આજે જૈનધર્મ વગોવાઇ રહ્યો છે. ધર્મનું લક્ષ રાખ્યા વગર, વ્યવહારનું ભાન કોરે મૂકી મુનિ રામવિજયથી પોતાના વ્યાખ્યાનમાં બોલી જવાયું કે—

**૧ આર્ય દેશમાં પાકેલા હિંસા વધારવા પ્રયત્ન કરે છે. અહીંથી ત્યાં જઇ આવી નકલી બની પાપની ક્રિયાઓનો પ્રયાસ કરે છે."**

**૨ "આજે સારા ઘરે પણ અભક્ષ અપેય–નો વિચાર નથી."**

**૩ "જૈનોના ઘેર પણ દારૂના શિશા અને ઇંડા ચટણીની જેમ ખવાય છે."** વળી પોતાના આવા અયોગ્ય ઉપદેશને માટે કે અયોગ્ય પ્રવૃત્તિ માટે બીજાઓ લખે કે કાંઇ બોલે તેમજ તેને માટે કોઇ જાહેર ઠરાવો કરે તેને "દુર્લભ બોધી કહેવો", અને "શ્રી સંઘને હાડકાનો માળો" કહે. આવું એક મુનિ વ્યાખ્યાનપીઠ ઉપરથી કહે, તે કેટલી જૈનધર્મને વગોવવા જેવી વાત છે. મુનિ રામવિજયજીને આ રીતે પોતાનું નામ કાઢવા જતાં જૈનકોમનું ગમે તે થાય તેની તેમને પરવા નથી. છદ્મસ્થ પ્રાણી અસાવધપણામાં પ્રમાદવશ કોઇવાર અતિ વાક્ય, અસંભવ વાકય, કે અયોગ્ય વાકય બોલી જાય અને તે ભવભીરૂ કે સુજ્ઞ હોય તો તેના ઉપર તેનું લક્ષ ખેંચતાં તે દિલગિરિ બતાવે, અગર પશ્ચાતાપ કરે, અથવા તો સરલભાવે તેનો યોગ્ય ખુલાસો કરે; પરંતુ જેમને ઇર્ષ્યા, ક્રોધ, અને માનનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખોટો ખ્યાલ હોય તેને તેવું સુધારવું, પ્રાયઃશ્ચિત કરવું કે બોલાયેલું પાછું ખેંચી લેવું તેમાં તે પોતાની લઘુતા સમજે છે. આટઆટલા ગામોના ઠરાવો થયા, શ્રીમંત મનુષ્યોએ રૂબરૂમાં જઇ "તે તમામ શબ્દો જૈનોને લાગુ પડે છે એમ લોકો માને છે તો આપ તેમ બોલ્યા નથી તેમ ખુલાસો જાહેરમાં કરો", તેમ સમજાવ્યા છતાં શ્રી રામવિજયજી હજી ફાંફાં માર્યા કરે છે, અને માત્ર પોતાના હાથમાં જરા વ્યાખ્યાનકળા ( ભાષાનું અનભ્યાસીપણું હોવા છતાં ) આવેલ હોવાથી આવું આવું બોલી જૈનશાસનને અત્યારે તેઓ ભયંકર નુકશાન કરી રહ્યા છે. તેમ દેખાય છે. પોતાના વચનો સાચા ઠરાવવા, પોતાનો કક્કો સાચો કરવા માટે વકીલ બેરીસ્ટરો, ગાંધીજી વગેરેના અભિપ્રાયો લેવા અને તેવી અનેક દોડધામ કરી કરાવી રહ્યા છે. કોઇપણ મનુષ્ય જ્યારે અભિમાન કે ક્રોધના આવેશમાં હોય ત્યારે કોઇવાર તેનાથી આવું આકસ્મિક ( સાહસિક ) બોલી જવાય છે, ત્યારે તેની સાથે તેનું સ્ફુટ વિવેચન કે સ્પષ્ટાકરણ કરવું જોઇએ, પરંતુ તેમ ન કરતાં પાછળથી જ્યારે કોલાહળ થાય ત્યારે તેનો બીજો અર્થ બીજા મારફત કરી બતાવે તેથી પણ તે બોલાયલા શબ્દો અણબોલ્યા થતા નથી, જેથી ખરીરીતે મુનિ રામવિજયજીએ પોતાની તે થયેલ ગંભીર ભૂલને સુધારવાની જરૂર છે એમ સમાજ માને છે.

મુનિ રામવિજયજીએ સમજવું જોઇએ કે પોતાના તેવા સાહસિક વ્યાખ્યાનથી સમાજમાં ઘેર ઘેર કલેશ થતાં વૈમનસ્ય ઉત્પન્ન કરાવ્યું છે. "આર્યદેશમાં પાકેલા અહિંસાને વધારવા પ્રયત્ન કરે છે, અહીંથી ત્યાં જઇ નકલી બની પાપની ક્રિયાનો પ્રચાર કરે છે." શ્રી રામવિજયજીના આ વાકયો ઉંચી કેળવણી લેવા જનાર પરદેશ ગમન કરનાર માટે હોવાથી કેળવણીનો પ્રચાર અટકાવવામાં અને પરદેશ ગમન કરનારને ઉતારી પાડવાનો જણાય છે અને તેઓ કેળવણીના અને ઉંચી કેળવણીના સાધનો આપનાર તેવી સંસ્થાના વિરોધી છે, એમ કેળવાયેલો અને બુદ્ધિમાન વર્ગ માને છે. અને "સારા ઘરે પણ અભક્ષ અપેયનો વિચાર નથી," એટલે ચોક્કસ નામો આપ્યા સિવાયનું બોલાતું હોઇ સારા ખાનદાન, શ્રીમંત ગૃહસ્થ, સારા સંસ્કારોવાળા કુટુંબ કબીલાને સૂચવતા હોઇને તેમનામાં ધર્મ ઝનુન પ્રગટયું હોઈ અગર અભિમાને હદ ઓળંગી હોય તેમ જણાય છે. "જૈનોના ઘરે દારૂના શીશા અને ઇંડા ચટણીની જેમ ખવાય છે." આ વાકયો સમગ્ર જૈનસમાજને માટે વાણીનો સંયમ ખોઇને ઝનુનના આવેશમાં આવી જઇને જ બોલાયા છે; મુનિ રામવિજયજીનો વાણીવિલાસ અજબ કળાવાળો છે, જેથી આંતરિક ભાવ અને પ્રવૃતિ જાણનાર સમાજ જ તેને જાણી શકે. મુનિ રામવિજયજી ! આપને પરમાત્માના માર્ગમાં વસવું હોય, જનસમાજનું કલ્યાણ કરવું હોય, ત્યાગમાર્ગનું પાલન કરી દિપાવવું હોય અને શાસન સેવા કરવી હોય તો વ્યાખ્યાન, ઉપદેશ કે લેખમાં એવી ભાષા બોલો કે જેના બે અર્થ ન થાય. તમારી તેવી કિલષ્ટ ભાષા વડે જન સમાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભ્રમિત થાય છે. તમારા તેવા શબ્દ જાળ, વાક્ય જાળ, અને વાણી વિલાસવડે જનતા ભ્રમણામાં પડે છે અને તેની બદનક્ષી થાય છે, જૈનેતરમાં જૈનની હીલના થાય છે. માટે જ મુનિ રામવિજયજી પાસે તે શબ્દો જૈન સમાજ પાછા ખેંચી લેવા કે તેનું સ્પષ્ટીકરણ કરવા ઠરાવો કરે છે જ્યારે સમાજ તેમની પાસેથી તેમના તે વાક્યોનો આશયનું સ્પષ્ટીકરણ કરવા માંગે છે ત્યારે શ્રીરામવિજયજી અન્ય બચાવો તેમના લાગતા વળગતા પાસે ગોઠવવાના ફાંફાં મારે છે, અને સીધો ખુલાસો પોતે કરવા માંગતા નથી. ગમે તેમ પણ અશાંતિ ફેલાતી હોય, સમાજને પોતાની બદનક્ષી થતી જણાતી હોય, શાસનને તેથી આઘાત પહોંચતો હોય, જૈનેતરમાં જૈન ધર્મની હેલના થતી હોય તે વખતે લાગણી ને શાંત પાડવામાં કઇ માનહાની, કઇ લઘુતા અને કયું અધર્મ થઇ જાય છે ? તે રામવિજયજી માટે સમજી શકાતું નથી.

આવી રીતે જો શ્રી રામવિજયજી પોતાની નીતિ રીતિ ચાલુ રાખશે, કેળવણી વિના ઉદ્ધાર નથી છતાં તેનાથી વિમુખ રહેવાનો સીધો કે અડકતરો બોધ આપશે, તો તે સમાજથી વિમુખ થશે. શાસ્ત્રના નામે લોકોને ગમે તેમ ભોળવવાનો ઉપદેશ દેવાનો જમાનો વહી ગયો છે, જેથી મુનિ મહારાજાઓએ તો ખાસ વિચારવાનું છે કે હાલના વર્તમાન જગતમાં જગતના વહેણામાં પોતાનું સ્થાન કયાં છે ? તે અવશ્ય વિચારવાનું છે; તે જો નહિં વિચારે અને આંધળકીયા કરી ચાલશે તો જમાનો એવો આવે છે કે જૈન જગતમાં તેનું સ્થાન નહિં રહે અને લોકો તેને ધર્મગુરૂ તરીકે માનતા બંધ થઇ જશે.

હાલમાં જૈન અને જૈનેતર પેપરો અને હેન્ડબીલોમાં મુનિઓની નિંદાના જે લેખો-લખાણો આવે છે તેમાં અંગત આક્ષેપો, અંગત વેર, ગાળો દેવાની રીતિ નીકળી છે તે બહુ જ અફસોસકારક છે. કોઇપણ વિષયને ચર્ચતી વખતે સભ્યતા વિનયને નહિં છોડતા શાંતિથી તે થવું જોઇએ. નનામા કલ્પીત નામે, ખોટા નામે હેન્ડબીલો પ્રગટ કરનાર ગમે તે લાભ કે ગુરૂભક્તિ કે ધર્મઝનુનથી કરતાં હોય પણ તેથી તેઓ જૈન સમાજને ભયંકર નુકશાન કરી રહ્યા છે. કોમના કમનશીબે એ રીતે અત્યારે કાગળ, છાપખાના મુસાફરી ખર્ચ વગેરેમાં જૈનોના પૈસાનો દુરૂપયોગ થઇ રહ્યો છે તેને બદલે સમાજના ઉદ્ધારમાં તેવા પૈસાનો સદ્વ્યય થાય, મુનિવર્ગ અને ગૃહસ્થવર્ગ સત્ય જોઈ શકે અને તેને સદ્બુદ્ધિ સૂઝે અને જૈન સમાજનાં સંક્ષુબ્ધ ( કલેશમય ) વાતાવરણ બની રહ્યું છે તેની શાંતિ થાય તેમ પરમાત્માની પ્રાર્થના કરી આટલેથી અટકું છું.

જાણકાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


કાયાનું કલ્યાણ કરવાનો અવસર આવી પહોંચ્યો છે.
" આજનો લ્હાવો લીજીયે રે, કાલ કોણે દીઠી છે. "

## પુસ્તકો ખરીદો ! ભાવમાં ગંજાવર ઘટાડો ! ! પુસ્તકો ખરીદો ! ! !

| | મૂળ કીં. | ઘટા. કીં. |
|---|---|---|
| **શ્રીપાળ રાજાનો રાસ**—અતિ રસિક સરલ ભાષા સાથે સુંદર ચિત્રો પાકું કલોથ બાઇન્ડીંગ, પૃષ્ટ ૪૬૦ ... ... ... | ૩-૦-૦ | ૨-૪-૦ |
| **ધન્નાશાલીભદ્રનો રાસ**—જે વીર પુરૂષનું નામ વ્યાપારીઓને વહી પુજનમાં **શ્રી ધન્નાશાલીભદ્રની રૂદ્ધી હુજો.** એ લખ્યા વિના રૂદ્ધિની પ્રાપ્તિ સંભવતી નથી. તેવા ભદ્રશાલીનાં રાસની દરેક શ્રાવક ભાઇએ ઘરમાં રાખવાની ખાસ આવસ્યક્તા છે. પૃષ્ટ ૨૮૦, પાકું બાઇન્ડીંગ, ગ્લેઝકાગળો, ચાર સુંદર ચિત્રો. ... ... | ૧-૮-૦ | ૧-૨-૦ |
| **કર્મ પરિક્ષા**— યાને દૈવી ચક્રનો ચમત્કાર—કમનશીબ રાજા દૈવની સામે થવાની કોશીષ કરતાં તેને દુઃખ પડવામાં બાકી રહેતી નથી, કરેલા કર્મો ભોગવ્યા શિવાય જન્માંતરે પણ છુટકોજ નથી એ રહસ્ય સમજાવતી અતિ રસિક ધાર્મીક નવલકથા. દરેક જૈને વાંચવાની જરૂર છે. પાકું બાઇન્ડીંગ, ગ્લેઝ કાગળો, પૃષ્ટ ૩૨૫ ... ... | ૨-૦-૦ | ૧-૮-૦ |
| **પૂજા સંગ્રહ**—શ્રી વિરવીજયજી, રૂપવિજયજી, પદ્મવિજયજી, આત્મારામજી, બુદ્ધિસાગરજી, ગંભીરવિજયજી, વલ્લભવિજયજી, વિગેરે અનેક આચાર્યોના બનાવેલ વિધી સહિત પૂજાઓ, અભિષેક, આરતીઓ, મંગલદીવા, જીન નવ અંગ દોહા વિગેરે અનેક બાબતો છે. પાકું બાઇન્ડીંગ, ગ્લેઝ કાગળો, પૃષ્ટ ૬૫૦... ... ... | ૨-૦-૦ | ૧-૮-૦ |
| **સજ્ઝાયમાળા**—ભાગ ૧-૨-૩-૪ દરેક ભાગના ... ... | ૨-૦-૦ | ૧-૮-૦ |
| **જૈન નિત્ય પાઠ સંગ્રહ**—જેમાં નવ સ્મરણ, છંદો સ્તોત્રો, રાસ, થોયો, સ્તવનો, સજ્ઝાયો, સ્તુતિઓ, ચૈત્યવંદનો વિગેરે પૃષ્ટ ૩૨૦, પાકું કલોથ બાઇન્ડીંગ, ગ્લેઝ કાગળો ... ... ... | ૦-૧૦-૦ | ૦-૮-૦ |
| **રાજકુમારી સુદર્શના**—યાને સમળી વિહાર (સચીત્ર)—**જૈનઃ** સાહિત્યનાં મહાન ખજાનામાંથી ચુંટી કહાડેલ અતિ ઉપદેશપ્રદ અને આનંદ જનક પ્રાકૃત કથાને આધારે તદન સરલ અને રસિક ભાષામાં એક નવલ કથાના રૂપમાં રજુ કરી છે. પૃષ્ટ ૬૦૦, પાંચ ચિત્રો, પાકું બાઇન્ડીંગ. ... ... ... ... | ૩-૦-૦ | ૨-૦-૦ |
| **રેખા દર્શન**—તમારા હાથ, પગ, કપાળ વિગેરે જગ્યાએ, એ નાના મોટા ચિન્હોની બધી બાબતોની વિગતવાર સમજણ જાણવી હોય તો રેખા દર્શન ખરીદો ... ... ... ... | ૧-૦-૦ | ૦-૧૨-૦ |
| **દેવ વિનોદ**—ચોવીશ તિર્થંકરોના સ્તવનો, ગહૂલી સંગ્રહ અને આધ્યાત્મિક પદો ધ્યાન કેમ કરવું ને કોનું કરવું તે ઉપર નાની નાની કથાઓ, એ સિવાય ચંદ્ર, સૂર્ય નાડી સંબંધી જ્ઞાન તથા કઇ નાસિકામાંથી પવન નીકળે ત્યારે કયા કયા કામો કરવા તેની સમજ, શુકન શાસ્ત્ર વિગેરે અનેક બાબતો ... ... ... | ૧-૦-૦ | ૧-૧૨-૦ |

**વર્ધમાન એન્ડ સન્સ. પાયધુની ટ્રામજંકશન,—મુંબાઇ નં. ૩**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દીક્ષાનો મહિમા.

"દીક્ષા એટલે મોક્ષની નિસરણી, દીક્ષા એટલે સ્વર્ગની ચાવી, દીક્ષા એટલે પ્રાણીમાત્રની આરાધ્ય દેવી, દીક્ષા એટલે સ્વર્ગના આત્માઓને પણ આત્મકલ્યાણ માટે લલચાવનારી સુંદરી, અને દીક્ષા એટલે સાંસારિક પદાર્થોમાં આસકત બનેલા જીવોને મોક્ષ તરફ આકર્ષનારી એક વૈદ્યુતિક શકિત, આ દીક્ષાને કોણ ન પસંદ કરે ? આ દીક્ષાનો કોણ ન આદર કરે ? જ્યાં રાજ્યનો ભય નથી, જ્યાં ચોરનો ભય નથી, જેનાથી આ લોકમાં સુખ છે અને પરલોકમાં હિત થાય છે અને જે દીક્ષામાં ભલભલા નરદેવો પણ શિર ઝુકાવી રહે છે અને જે દીક્ષા ઉત્તમ કીર્તિની પ્રાપ્તિ કરાવે છે, તે દીક્ષા ગ્રહણ કરવા મન ન લલચાય ? ચક્રવર્તીઓની ઋદ્ધિ સમૃદ્ધિ અને ઇંદ્રની સાહેબી આ દીક્ષાના સુખ આગળ પાણી ભરે છે.

× × × ×

પણ સબુર, દીક્ષા લેવી એ બાળકોના ખેલ નથી અને કદાચ સહેલું પણ હોય તો પણ દીક્ષા પાળવી એ તો સૌથી કઠિણ કાર્ય છે. અષ્ટપ્રવચન માતાની રક્ષા પૂર્વક પાંચ મહાવ્રતોનું પાલન કરવું, એ કેટલો વૈરાગ્ય હોય, કેટલી સુંદર ભાવના હોય, સંસારની વાસનાઓથી સર્વથા ચિત્ત હઠી ગયું હોય તો જ તે 'ભાગવતી દીક્ષા'નું પાલન થઇ શકે છે. દીક્ષા લીધા પછી પણ છળ કપટો ન જાય, સાંસારિક પ્રયોજનોથી ચિત્ત દૂર ન થાય, પુસ્તક કપડાં કે બીજી વસ્તુઓની મૂર્છા ન હઠે, રાગદ્વેષની પ્રવૃત્તિઓ વધતી રહે, ઉપાશ્રયો કે ક્ષેત્રો ઉપરના મમત્વ દૂર ન થાય તો પછી એ દીક્ષા લીધાની સાર્થકતા શી છે ? કયાં તે મહાપુરૂષોની દીક્ષા કે જેમને દેખતાની સાથે જ ક્રોધી માણસ પણ શાંત થઇ જતો અને કયાં આજે ભાગવતી દીક્ષાનો પોકાર કરનારાઓની દીક્ષા કે જેમને જોવાથી ન ક્રોધ થતો હોય એને પણ ક્રોધ થાય. કહેવાની મતલબ કે દીક્ષા લેવી એટલા જ માત્રથી દીક્ષાની–ભાગવતી દીક્ષાની સાર્થકતા થતી નથી. દીક્ષા લીધા પછી પોતાના આત્મકલ્યાણના લક્ષ્યબિંદુને ન જ છોડવું એમાં જ ખરી બહાદુરી છે. × × × × દીક્ષા લેવી એટલે જગત્‌ના ગુરૂ બનવાનું છે, દીક્ષા લેવી એટલે દસ, વીશ કે પચીસ માણસોના કુટુંબના સર્કલમાંથી મુકત થઇ વસુધૈવ કુટુમ્બકમ્ બનવાનું છે. દીક્ષા લેવી એટલે જગત્‌ના પૂજ્ય બનવાનું છે. દીક્ષા લેવી એટલે જગત્‌ની દૃષ્ટિએ આદર્શ બનવાનું છે. દીક્ષા લેવી એટલે જગતને કલ્યાણનો માર્ગ બતાવવાનો છે. દીક્ષા લેવી એટલે જગત્‌ના કલ્યાણ માર્ગમાં પ્રવૃત્તિવાળા રહેવા છતાં જલકમલવત્ સંસારની પ્રલોભન શકિતઓથી નિર્લેપ રહેવાનું સામર્થ્ય પ્રાપ્ત કરવાનું છે. દીક્ષા લેવાની આ જવાબદારીનો ખ્યાલ માત્ર પણ નહિ કરી શકનાર દીક્ષા લેવાને યોગ્ય કેમ કહી શકાય ?"

મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી.

For Private And Personal Use Only